
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883





સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 03, **Issue :** 334, Dt. 01-05-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 23, RNI No. GUJGUJ/2023/84789

# દુઃખદ અવસાન/પ્રાર્થનાસભા



## સ્વ. મધુબેન ચિમનભાઈ શુકલ

સ્વ.તા. ૩૦-૪-૨૦૨૬, ગુરૂવાર

મધુબેન ચીમનભાઈ શુક્લ તે માજી સાંસદ સ્વ. ચીમનભાઈ શુક્લના પત્ની, કૌશિકભાઈ શુક્લ, કાશ્મીરાબેન નથવાણી, કશ્યપભાઈ શુકલ તથા નેહલભાઈ શુકલ ના માતૃશ્રી તથા સ્વ. અભયભાઈ ભારદ્વાજ, નીતિનભાઈ ભારદ્વાજના બહેનનું ગુરુવાર, તા. 30-૪-૨૬ ના રોજ  દુઃખદ અવસાન થયેલ છે.

**સદગતની પ્રાર્થનાસભા : શનિવાર, તા. ૨-૫-૨0૨૬ ના રોજ સાંજે ૫.00 થી ૭.00 કલાકે, નુતન નગર કોમ્યુનિટી હોલ, કોટેચા ચોક પાસે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે**

**શુકલ પરિવાર, નથવાણી પરિવાર, ભારદ્વાજ પરિવારનાં**
**જય પરશુરામ**

campaign

## મેયરની નિમણૂંક માટે 12 મે આસ-પાસ મળે મ્યુનિ. બોર્ડ

# મેયર કોણ ?

## પાટીદાર VS બ્રાહ્મણ

### મજબૂત નામોમાંથી એક


દિલિપ લુણાગરિયા


અશ્વિન ભોરાણિયા


નેહલ શુક્લ


મનીષ ભટ્ટ


**ડેપ્યુટી મેયર લોહાણા સમાજના**

દક્ષાબેન વસાણી

### સ્ટેન્ડિંગ ચેરમેન


પ્રદિપ ડવ


ઘનશ્યામ હેરભા

**..કે મોટું સરપ્રાઇઝ**

?

# સેન્સથી લઈ બોર્ડ સુધી રાજકોટ મનપામાં પ્રક્રિયા તેજ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓની વરણીને લઈને રાજકીય પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ, શનિવારના રોજ પ્રદેશ ભાજપ દ્વારા ત્રણ નિરીક્ષકોની પેનલ રાજકોટ મોકલવામાં આવશે.

આ નિરીક્ષકો નવી ચૂંટાયેલી પ્રતિનિધિઓ પાસેથી સેન્સ (અભિપ્રાય પ્રક્રિયા) લેશે. જે પ્રતિનિધિઓ પોતાને પદાધિકારી તરીકે સક્ષમ માને છે, તેમની યોગ્યતા અને દાવેદારી અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સમગ્ર મુદ્દો પ્રદેશ ભાજપના પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે. અન્ય મહાનગરપાલિકાઓની જેમ રાજકોટ મનપાના પદાધિકારીઓ અંગે પણ બોર્ડ સ્તરે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

બોર્ડમાં ચર્ચા પૂર્ણ થયા બાદ અંતિમ વરણી માટે બેઠક બોલાવવામાં આવશે, જેમાં પદાધિકારીઓની પસંદગી અંગે નિર્ણય લેવાશે.

અંદાજ મુજબ, આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થવામાં લગભગ ૧૦ દિવસનો સમય લાગી શકે છે.

રાજકીય વર્તુળોમાં આ પ્રક્રિયા પર સૌની નજર ટકેલી છે અને આગામી દિવસોમાં રાજકોટ મનપાના નવા નેતૃત્વની જાહેરાત થઈ શકે છે.


## નિલેશ રૈયાણી હત્યા કેસમાં જયરાજસિંહ કોર્ટની શરતોને ભંગ કરતા હોવાનો આક્ષેપ

# જયરાજસિંહ જાડેજા પોલીસને સહી કરવા ઘરે બોલાવતા !


AI IMAGE

### ફરિયાદી જગદીશ સાટોડિયાએ રાજ્યના કાયદા વિભાગ, સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં અરજી કરી

### 3 મહિના સુધીના પોલીસ સ્ટેશનના CCTV રિઝર્વ કરાવવા રેન્જ IGને કરી અરજી



## જયરાજસિંહ જાડેજાને દર સોમવારે પોલીસ સ્ટેશનમાં હાજર રહી સહી કરવાની શરતનું યોગ્ય પાલન નથી કર્યુ : જગદીશ સાટોડિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલમાંથી મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. નીલેશ રૈયાણી હત્યા કેસ સંબંધિત મુદ્દામાં જયરાજસિંહ જાડેજા પર સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી જામીનની શરતોના ભંગના ગંભીર આરોપો લાગ્યા છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ, જયરાજસિંહ જાડેજા દ્વારા દર સોમવારે પોલીસ સ્ટેશનમાં હાજર રહી સહી કરવાની શરતનું યોગ્ય પાલન કરવામાં આવતું નથી. આ શરતનું ઉલ્લંઘન કરીને તેઓ નિયમિત હાજરી પુરાવાની પ્રક્રિયામાં બેદરકારી દાખવી રહ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

### ઘરે સહી કાંડ શરતોનો ખૂલ્લો ભંગ

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, પોલીસ સ્ટેશનમાં જઈને હાજરી નોંધાવવાને બદલે, રજિસ્ટર પોતાના ઘરે મંગાવી સહી કરાવવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે ફરિયાદી જગદીશ સાટોડિયા દ્વારા રાજ્યના કાયદા વિભાગ, સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટમાં સત્તાવાર અરજી કરવામાં આવી છે. સાથે જ કેસને ડે-ટુ-ડે ધોરણે ઝડપી ચલાવવાની માંગ પણ કરવામાં આવી છે.

ફરિયાદીએ વધુમાં રેન્જ આઈજીને પણ અરજી કરીને છેલ્લા ત્રણ મહિનાના પોલીસ સ્ટેશનના CCTV ફૂટેજ સુરક્ષિત રાખવા અને રિઝર્વ કરવા માટે વિનંતી કરી છે, જેથી તપાસ પ્રક્રિયામાં કોઈ વિઘ્ન ન આવે.

હાલમાં આ મામલો કાનૂની અને રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે અને આગળની કાર્યવાહી પર સૌની નજર ટકેલી છે.

## મોંઘવારીનો મારો : ફૂડ લવર્સ માટે ખરાબ સમાચાર

# ગેસ સિલિન્ડર મોંઘું બહાર જમવું મોંઘુ




## કોમર્શિયલ સિલિન્ડરમાં 993 રૂપિયાનો ભાવ વધારો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કોમર્શિયલ સિલિન્ડર આજે એટલે કે ૧ મેથી ૯૯૩ રૂપિયા મોંઘો થઈ ગયો છે. દિલ્હીમાં તે ૩૦૭૧.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. ન્યૂઝ એજન્સી ANIએ સૂત્રોના હવાલેથી આ જાણકારી આપી છે. આ ઉપરાંત 'ઓનલાઈન ગેમિંગ રૂલ્સ ૨૦૨૬' પ્રભાવી થઈ ગયા છે. ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૯૯૩ મોંઘો કરી દીધો છે. દિલ્હીમાં તેની કિંમત ૩૦૭૧.૫૦ થઈ ગઈ છે. પહેલા તે ૨૦૭૮.૫૦ માં મળી રહ્યો હતો. જ્યારે અમદાવાદમાં તેનો ભાવ ૩,૦૯૧ રૂપિયા થઈ ગયો છે. કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધવાથી રેસ્ટોરન્ટ માલિકોનો ખર્ચ વધશે. આવી સ્થિતિમાં તેઓ ચા, નાસ્તો અને થાળી મોંઘા કરી શકે છે. લગ્નોની કેટરિંગ પણ મોંઘી થઈ શકે છે. કેન્દ્ર સરકારે ૧ મેથી આગામી ૧૫ દિવસ માટે ડીઝલની નિકાસ પર લાગતી સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને ૨૩ પ્રતિ લિટર કરી દીધી છે. એપ્રિલમાં તે ૫૫.૫ હતી.

**ચા, નાસ્તો અને થાળીના ભાવમાં તોતિંગ વધારો આવશે**

જ્યારે ATF એટલે કે, હવાઈ ઈંધણ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને ૩૩ પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. એપ્રિલમાં તે ૪૨ હતી. આ ઉપરાંત, પેટ્રોલિયમ મંત્રાલયે ઈંધણની વ્યાખ્યા બદલીને હવે ATFમાં સિન્થેટિક ફ્યુઅલના મિશ્રણને મંજૂરી આપી દીધી છે.

ડ્યુટી ઓછી થવાથી ભારતીય રિફાઈનિંગ કંપનીઓ જેવી કે રિલાયન્સ અને નાયરાને વિદેશી બજારોમાં ઈંધણ વેચવું સસ્તું પડશે, જેનાથી તેમના નફામાં સુધારો થઈ શકે છે.

નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ઘરેલું વપરાશ માટે પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, તેથી સામાન્ય જનતા માટે ઈંધણની કિંમતો સ્થિર રહેશે.

ATFમાં સિન્થેટિક મિશ્રણને મંજૂરી મળવાથી એવિએશન સેક્ટરમાં પર્યાવરણને અનુકૂળ અને વૈકલ્પિક ઈંધણના ઉપયોગને પ્રોત્સાહન મળશે, જેનાથી ઇન્ડસ્ટ્રીના ધોરણોમાં સ્પષ્ટતા આવશે.

સંયુક્ત આરબ અમીરાત (UAE) ૧ મેથી OPEC અને OPEC+ થી અલગ થઈ ગયું છે. આ દુનિયાનું સૌથી મોટું તેલ ઉત્પાદક સંગઠન છે, જે ગ્લોબલ માર્કેટમાં લગભગ ૪૦-૫૦% તેલ સપ્લાયને કંટ્રોલ કરે છે અને પ્રોડક્શન ક્વોટા નક્કી કરીને કિંમતો નક્કી કરે છે.

## ઓનલાઈન ગેમિંગ માટેના નવા નિયમો આજથી લાગુ

દેશમાં આજે 'ઓનલાઈન ગેમિંગ રૂલ્સ ૨૦૨૬' અમલમાં આવી ગયા છે. આ અંતર્ગત 'ઓનલાઈન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા'ની રચના કરવામાં આવશે. આ સંસ્થા ઓનલાઈન ગેમ્સને રેગ્યુલેટ કરવા, તેમને અલગ-અલગ કેટેગરીમાં વિભાજીત કરવા અને તેમની મોનિટરિંગનું કામ કરશે. આ અંતર્ગત ગેમ્સને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવી છે. ઓનલાઈન મની ગેમ્સ, ઓનલાઈન સોશિયલ ગેમ્સ અને ઈ-સ્પોર્ટ્સ. મની ગેમ્સ પર પ્રતિબંધ છે જ્યારે અન્ય ગેમિંગ પ્લેટફોર્મ્સ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત રહેશે. જો કોઈ કંપની ભારતમાં સેવા આપી રહી છે, તો તેનું મુખ્યાલય ગમે ત્યાં હોય, તેણે ભારતીય નિયમોનું પાલન કરવું જ પડશે. યુઝર્સની સુરક્ષા માટે ઓનલાઈન ગેમ્સમાં ઉંમર મર્યાદા, પેરેંટલ કંટ્રોલ અને ટાઈમ લિમિટ જેવા ફીચર્સ હશે. ગેમિંગ દરમિયાન થતા નાણાકીય વ્યવહારો પર પણ નજર રાખવામાં આવશે. કડક નિયમો અને ઉંમર મર્યાદા/પેરેંટલ કંટ્રોલ જેવા ફીચર્સથી ગેમિંગની લત અને છેતરપિંડીના કેસોમાં ઘટાડો થવાની અપેક્ષા છે, જેનાથી યુઝર્સ માટે સુરક્ષિત વાતાવરણ બનશે. જ્યારે વિદેશી કંપનીઓ પર લગામ કસવાથી સટ્ટાબાજી અટકવાની અપેક્ષા છે.

## ચૂંટણી પૂરી થઈ ને હેલ્મેટ યાદ આવ્યું !

# પહેલા રોડ, ટ્રાફિક સુધારો પછી હેલ્મેટ ફરજિયાત કરો!




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત પોલીસ વડા દ્વારા ૧ મે થી ૩૧ મે સુધી હેલ્મેટની ચુસ્ત અમલવારી માટે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ આ વખતે જનતા ચૂપ બેસવાના મૂડમાં નથી. સોશિયલ મીડિયાથી લઈને પાનના ગલ્લા સુધી અત્યારે નીચે મુજબના પ્રશ્નો ચર્ચાઈ રહ્યા છેઃ

ચૂંટણીના પ્રચાર પ્રસાર દરમિયાન હજારોની મેદની ભેગી થતી હતી, મોટા નેતાઓ હેલ્મેટ વગર રેલીઓ કરતા હતા, ત્યારે કેમ કોઈ નિયમ યાદ ન આવ્યો? શું ચૂંટણી પૂરી થતા જ જનતાનો જીવ કિંમતી થઈ ગયો કે પછી તિજોરી ભરવાનો ટાર્ગેટ પૂરો કરવો છે? પોલીસ કહે છે કે હેલ્મેટ અકસ્માતમાં જીવ બચાવે છે, પણ જનતા પૂછે છે કેઃ ખરાબ રસ્તા અને જીવલેણ ખાડાઓને કારણે થતા અકસ્માતોનું શું? શું ખરાબ રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર કે તેને પાસ કરનાર અધિકારી પર ક્યારેય આવી 'રાજ્યવ્યાપી ઝુંબેશ' ચલાવીને દંડ વસૂલવામાં આવ્યો છે? રસ્તામાં



ખાડાને કારણે જો કોઈનું મૃત્યુ થાય, તો શું સરકાર તેના પરિવારને વળતર આપશે? જો દંડ લેવાનો હક સરકાર પાસે હોય, તો સુરક્ષિત રસ્તા આપવાની ફરજ પણ તેમની જ છે. લોકોનો સીધો આક્ષેપ છે કે સરકાર પાસે દંડ ઉઘરાવવા માટે આધુનિક કેમેરા અને પૂરતો પોલીસ સ્ટાફ છે, પણ રોડ રસ્તા રિપેર કરવા માટે બજેટ કે સમય નથી. ટેક્સ પેયર તરીકે જનતાને સારા રસ્તા મળવા એ તેમનો હક છે.

## જનતાના આક્રમક સવાલો

- શું કાયદો ફક્ત સામાન્ય જનતા માટે જ છે? સત્તાધારી પક્ષની રેલીઓમાં નિયમો કેમ નેવે મૂકાય છે?
- રોજે-રોજ દંડનું પત્રક રજૂ કરવાની સૂચના અપાઈ છે, તો શું રોજે-રોજ કેટલા રસ્તા રિપેર થયા તેનું પત્રક જનતા સામે રજૂ કરશો?
- સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કર્યું એ ઠીક, પણ શું સરકારી ગાડીઓ દ્વારા થતા નિયમભંગ પર પગલાં લેવાશે?
- 'લોકશાહી'માં જનતાનો ઉપયોગ ફક્ત વોટ આપવા પૂરતો જ કેમ? કામ પતી ગયા પછી દંડાત્મક આદેશો કેમ?

**લોકો સુરક્ષાના વિરોધમાં નથી, પણ પક્ષપાતી વહીવટ અને ખરાબ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિરોધમાં છેઃ જનતા હવે જાગૃત થઈ છે; તે હવે માત્ર દંડ ભરવા તૈયાર નથી, પણ સાથે-સાથે સુવિધાનો હિસાબ પણ માંગે છે !**

### ન્યારા ગામમાં રાતે હાહાકાર; સાત શખ્સોએ મચાવ્યો આતંક

# તડીપાર કુખ્યાત રમેશ રાણાના પુત્રનો રક્તરંજિત તાંડવ



## રાજકોટ રેન્જ IG નિર્લિપ્ત રાય, SP વિજય ગુર્જરની રેન્જમાં ગુંડાઓ બન્યા બેફામ ?



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રોણકીની કરોડોની જમીન પચાવી પાડવા, ગુજસીટોક સહિતના અનેક ગુનામાં સંડોવાયેલા કુખ્યાત રમેશ રાણાને ૭ દિવસ પૂર્વે મેટોડા પોલીસે વિવિધ જીલ્લા માટે તડીપાર કર્યો છે.ત્યારે ગત તા ૨૯ રોજ ન્યારા ગામે બજરંગ પાનની દુકાનના સંચાલક અરવિંદભાઈ વઘેરાએ દુકાન પાસે ઝગડો કરવાની નાં પાડ્યાનો ખાર રાખીને બે બાઈકમાં આવેલા કુખ્યાત રમેશ રાણાના પુત્ર યશ સહીત ૭ શખ્સોએ ધોકા-પાઈપ વડે હુમલો કરી અને સોડા-બોટલના ઘા કરી આંતક મચાવ્યો હતો.જેમાં વઘેરા બંધુને ઈજા પહોચતા સારવાર માટે રાજકોટસિવિલ  હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પડધરી પોલીસે હત્યાનો પ્રયાસ, રાયોટીંગ, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ સમગ્ર ઘટના અંગેના સીસીટીવી ફૂટેજ પણ વાઈરલ થયા છે. સમગ્ર બનાવ અંગે  પડધરીના ન્યારા ગામે ગ્રામ પંચાયત પાસે રહેતા લોકશાહી ન્યુઝ ગુજરાતીમાં એમડી તરીકે કામ  કરતા અરવિંદભાઈ કેશુભાઈ વઘેરા (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે યસ રમેશ મકવાણા (રહે.મૂળ ગામ નાની અમરેલી, પડધરી), સમીર ગોહિલ, પૃથ્વીરાજ પરમાર (રહે. બંને રાજકોટ), મનોજ નાથા મકવાણા (રહે ન્યારા ગામ), દિલીપ સોહેલીયા (રહે.રાજકોટ) તેમજ બે અજાણ્યા શખ્સોના નામ આપતા પડધરી પોલીસે ભારતીય ન્યાય સહિતા-૨૦૨૩ની કલમ-૧૦૯,૧૧૭(૨), ૧૧૮(૨), ૧૧૫(૨),૧૨૫(એ) ,૩૫૨,૩૫૧(૨), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩),૧૯૦ ૨, ૬૧(૨) તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૧),૧૩૫ મુજબ ગુનો નોંધ્યો છે. વધુમાં ફરીયાદીએ જણાવ્યા મુજબ, પોતે ઘરની સામેના ભાગમાં જ પાન-મસાલાની દુકાન ચલાવે છે અને સાથે સાથે એક અખબાર પણ ચલાવે છે. ગઈ તા.૨૯ ના રાત્રીના સમયે તેઓ દુકાનેથી પોતાના ઘરે જમવા માટે આવ્યાં હતાં.તે સમયે તેમના પિતા કેશુભાઈ અને ભાઈ લાલજીભાઈ દુકાને હતાં. તે દરમિયાન એક બાઈક ચાલક પ્રતીમ ચંદુભાઈ વડોદરિયા દુકાને કોઈ વસ્તુ લેવાં માટે આવેલ ત્યારે તેની પાછળ તુરંત જ એક બાઈક સવાર ઘસી આવેલ અને બેફામ ગાળો બોલી હંગામો કર્યો હતો.

### 112ની ટીમ પ્રથમ અરજી લીધી, આ બાદ અરજદારના હત્યાના પ્રયાસ બાદ ગુનો નોંધ્યો

પડધરીના ન્યારા ગામે સૌ પ્રથમ પ્રીતમભાઈ ચંદુભાઈ વડોદરિયાને ઘર પાસે બાઈક નહિ ચલાવવા બાબતે મનોજ નાથાભાઈ મકવાણા ઝગડો કરતો હતો. જેથી અરવિંદ કેશુભાઈ અઘેરાએ દુકાન પાસે ઝગડો કરવાની ના પાડી હતી.જેથી ઉશ્કેરાયેલા મનોજ મકવાણાએ ગાળો આપી હતી કે તું અહીજ ઉભો રહેજે હમણા હું મારી ગેંગ લઈને આવું છું. આ સમયે ફરીયાદી અરવિંદભાઈ ૧૧૨ ફોન કરી પોલીસની ગાડી બોલાવી હતી અને ધમકી આપ્યાની અરજી આપી હતી. અરજી આપ્યાના અડધી કલાક બાદ સાત શખ્સોએ આંતક મચાવ્યો હતો. આ સાત શખ્સની ટોળકીએ છરી વડે હુમલો કરી લાલજી વઘેરાના હાથ અને પગના તળિયા તોડી નાખ્યા હતા. જયારે અન્ય લોકો પર સોડા બોટલના ઘા કરી ગંભીર ઈજાઓ પહોચાડી હતી


# અમરેલીમાં ક્રૂર હત્યાઃ યુવકને માર મારી મોતને ઘાટ ઉતાર્યો, વીડિયો વાયરલ



## યુટ્યુબર તરુણ બાંભણિયા સહિત ૩ આરોપી સામે ગુનો નોંધાયો, પ્રેમ પ્રકરણ બન્યું કારણ







**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. જેમાં પરણિતાને ભગાડી જનાર ૨૬ વર્ષીય યુવકને ઢોર માર મારી હત્યા કરવામાં આવી છે. આ મામલે પોલીસે જાણીતા યુટ્યુબર તરુણ બાંભણીયા (તરુણ આહીર) સહિત ત્રણ શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનામાં પ્રેમ પ્રકરણમાં યુવકને ઢોર માર માર્યો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

મૃતક યુવક નિલેશ રમેશભાઈ ચુડાસમા ઉ.વ. ૨૬ જે સુરતમાં કડિયાકામ કરતો હતો તેને એક પરિણીત મહિલા સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. નિલેશ આ મહિલાને ભગાડીને લઈ ગયો હતો. આ બાબતની અદાવત રાખીને આરોપીઓએ યુવકને શોધી કાઢ્યો હતો અને સાવરકુંડલાના બાઢડા ગામ પાસે પીડિત યુવકને ઢોર માર માર્યો હતો. બાઢડા વિરાણી હાઈસ્કૂલની નજીકથી માર મારેલ યુવક ગંભીર હાલતમા



મળી આવ્યો જેને તાત્કાલીક સારવાર માટે સાવરકુંડલાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં પીડિત યુવક નિલેશભાઇનું મોત નીપજ્યું હતું.

આ સમગ્ર કેસમાં સોશિયલ મીડિયાના દુરુપયોગની ગંભીર ધટના સામે આવી છે. ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના કરલા ગામના યુટ્યુબર તરુણ બાંભણીયા (તરુણ આહીર) નિલેશને શોધી કાઢ્યા બાદ તેને નીચે બેસાડી માફી મંગાવતો વીડિયો શૂટ કર્યો હતો. વીડિયોમાં યુવકને પરણિત મહિલાને ભગાડવા બદલ માફી માંગવા માટે મજબૂર કર્યો હોય તે દેખાય છે. અને પીડિત યુવકને ઢોર માર માર્યો હતો.

આરોપીએ મૃતકના માતા અને ભાઈ પર દબાણ લાવીને પણ એક વીડિયો બનાવડાવ્યો હતો. આ વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયાં હતાં. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. મૃતદેહને પીએમ અર્થે ભાવનગર ફોરેન્સિક લેબ ખાતે ખસેડવામાં આવ્યું છે. પોલીસે પ્રાથમિક તપાસના આધારે યુટ્યુબર તરુણ બાંભણીયા(આહિર), વિજય દાનાભાઇ નકુમ, અમિત હડિયા સહિત કુલ ત્રણ લોકો સામે હત્યાની કલમો હેઠળ ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

## મુરલીધર નર્સિંગ કોલેજમાં લાઈબ્રેરીનો બનાવ

# કોલેજમાં બેદરકારીનો કાંડ!


# લાઈબ્રેરીમાં પંખો પડતા ત્રણ વિદ્યાર્થિનીઓ ઘાયલ

- જર્જરિત બિલ્ડિંગ છતાં રીપેરીંગ કેમ નહીં? જવાબદાર ટ્રસ્ટીઓ સામે કાર્યવાહીની લોકમાંગ
- વિદ્યાર્થીઓના આક્રોશ વચ્ચે પોલીસ ફરિયાદની માંગ, સંચાલકો ભૂગર્ભમાં ઉતર્યા











**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના શિક્ષણક્ષેત્રમાં ગંભીર બેદરકારીનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મુરલીધર નર્સિંગ કોલેજ ખાતે લાઈબ્રેરીમાં લાગેલ પંખો અચાનક છૂટી પડી જતાં ત્રણ વિદ્યાર્થિનીઓને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થિનીઓને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ છે.

માહિતી મુજબ, ઘટનાના સમયે લાઈબ્રેરીમાં નિયમિત અભ્યાસ ચાલી રહ્યો હતો ત્યારે અચાનક પંખો નીચે પડતાં ભયનો માહોલ સર્જાયો હતો. સહપાઠીઓએ તાત્કાલિક મદદ પહોંચાડી અને કોલેજ સ્ટાફને જાણ કરવામાં આવી. ઘટનાથી વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે કોલેજ બિલ્ડિંગ લાંબા સમયથી ઝરઝરિત હાલતમાં છે અને અનેક વખત સંચાલનને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. “ફક્ત ફી વસૂલવામાં રસ ધરાવતા ટ્રસ્ટીઓ વિદ્યાર્થીઓની સલામતી પ્રત્યે બેફિકર છે,” એમ વિદ્યાર્થીઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો.ઘટના બાદ વિદ્યાર્થીઓએ કોલેજ પરિસરમાં જ હોબાળો મચાવ્યો અને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી. સાથે જ, જવાબદાર ટ્રસ્ટી અને સંચાલન વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાની પણ માંગણી કરવામાં આવી છે.સ્થાનિક સ્તરે આ બનાવને લઈને શિક્ષણ વ્યવસ્થાની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. વાલીઓમાં પણ ચિંતા વ્યાપી છે અને તેઓએ તેમના સંતાનોની સલામતી અંગે યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે.હાલ સુધી કોલેજ સંચાલન તરફથી કોઈ સત્તાવાર પ્રતિભાવ મળ્યો નથી. પોલીસ તંત્ર દ્વારા મામલાની તપાસ શરૂ કરવામાં આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.આ બનાવે સ્પષ્ટ કર્યું છે કે શિક્ષણ સંસ્થાઓમાં સુરક્ષા માપદંડોની અવગણના ગંભીર પરિણામો આપી શકે છે, અને સમયસર જાગૃતતા અને કાર્યવાહી અત્યંત જરૂરી છે.

# રાજકોટમાં મેનુમાં પનીર, પ્લેટમાં નકલી! 59 પેઢીઓ દંડાઈ

- મનપાના ફૂડ વિભાગના ચેકિંગમાં 59 પેઢીઓ દંડાઈ, 71 કિલો અખાદ્ય જથ્થાનો નાશ : મેનુ કાર્ડમાં પણ નિયમની જાહેરાતનો અભાવ
- હોટલ–રેસ્ટોરન્ટના મેનૂમાં 'પનીર' કે 'એનાલોગ'નો સ્પષ્ટ ઉલ્લેખ કરવો હવે ફરજિયાત છતાં ગ્રાહકોને ભ્રમિત કરાયા





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને ગ્રાહકોને ભ્રમિત કરતા ફૂડ બિઝનેસ ઓપરેટરો સામે મહાનગરપાલિકાના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની એડ્વાઇઝરી બાદ હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ચેકિંગમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે, જેમાં શુદ્ધ પનીર કે ચીઝના નામે વનસ્પતિજન્ય ફેટ (ડેરી એનાલોગ)નો ઉપયોગ થતો હોવાનું ખુલ્યું છે. મનપાના ફૂડ વિભાગની તપાસ દરમિયાન જોવા મળ્યું છે કે



અનેક હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં "પનીર ટીકા મસાલા" અને "પનીર બટર મસાલા" જેવી વાનગીઓમાં શુદ્ધ ડેરી ઉત્પાદનોને બદલે વેજીટેબલ ફેટ અને પ્રોટીનમાંથી બનેલા 'ડેરી એનાલોગ'નો ઉપયોગ કરવામાં આવતો હતો. ફૂડ સેફ્ટી રેગ્યુલેશન-૨૦૧૮ મુજબ, હવે કોઈપણ વેપારી ડેરી એનાલોગને 'પનીર' તરીકે વેચી શકશે નહીં. તેમજ નોન-ડેરી પ્રોડક્ટ્સ માટે 'ડેરી' શબ્દનો ઉપયોગ કરવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. આમ નિયમ ભંગ કરનાર ફૂડ વિભાગની ડ્રાઈવ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ કરી ૫૯ પેઢીઓ પાસેથી કુલ રૂ. ૩૦,૭૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૦ પેઢીઓ માંથી કુલ ૭૧ કિલો વાસી અને અખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

## 50 પેટીઓમાં ચેકિંગ કરી દંડ કરાયેલા નામી ધંધાર્થીઓની વિગત

(૦૧) મી.ચિકન -ભિલવાસ રોડ, સદર પાસે (૦૨) A-૧ કેટરર્સ, હુસેની કેટરર્સ, બિસમીલ્લાહ કેટરર્સ -નુતન પ્રેસ રોડ સદર પાસે (૩) કર્ણાવતી સ્નેક્સ, વાઘેશ્વરી પંજાબી & ચાઈનીઝ, હીના ફેમિલી રેસ્ટોરન્ટ -કનક રોડ (૪) ઠાકોરજી રેસ્ટોરન્ટ & હોટલ કનક રોડ, ફાયરબ્રિગેડની સામે (૫) માધવ ડાયનીંગ હૉલ, જય જલારામ રેસ્ટોરન્ટ, બંસીધર રેસ્ટોરન્ટ, મમતા ડાયનિંગ હૉલ, જય અંબે અલ્પાહાર, શ્રી ચાઈનીઝ & ફાસ્ટફૂડ, વિનય રેસ્ટોરન્ટ એસટી બસપોર્ટ પાછળ કરણપરા (૬) બાલાજી નકીન & સ્વીટ -ગોંડલ રોડ વિજય પ્લોટ કોર્નર (૭) શ્રી રામ પંજાબી & ચાઈનીઝ -ગોંડલ રોડ, માલવિયા વૃદ્ધાશ્રમ સામે (૮),ભાગ્યલક્ષ્મી રેસ્ટોરન્ટ -દોશી હોસ્પિટલ મેઈન રોડ ગોંડલ રોડ (૯) જય બાલાજી રેસ્ટોરન્ટ -દોશી હોસ્પિટલ મેઈન રોડ, ગોંડલ રોડ (૧૦ ) આર. આર. ફાસ્ટ ફૂડ -માલવિયા કોલેજ પાસે, ગોંડલ રોડ (૧૧ ) આર. આર. પાન & હૉટેલ -માલવિયા કોલેજ પાસે, ગોંડલ રોડ (૧૨) સોમનાથ ચાઈનીઝ & પંજાબી -સ્વામિનારાયણ ચોક, અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ સહીત ૫૦ પેઢીમાં ચેકિંગ કરી દંડ કરાયો છે.

## નામી પેટીઓમાંથી બ્રેડ–લસ્સી, મ્ચ્યુરીયન સહીત અખાદ્ય ખોરાક નાશ કરાયો

- A-૧ કેટરર્સ (નુતન પ્રેસ રોડ સદર ) ૮ કિલો અખાદ્ય વાસી પ્રિપેર્ડ ફૂડ
- કર્ણાવતી સ્નેક્સ (કનક રોડ) -૫ kg અખાદ્ય વાસી બેકરી પ્રોડક્ટસનો નાશ
- વાઘેશ્વરી પંજાબી & ચાઈનીઝ (કનક રોડ) -૩ કિલો અખાદ્ય વાસી પ્રિપેર્ડ ફૂડ
- ઠાકોરજી રેસ્ટોરન્ટ & હોટલ (કનક રોડ) -૬ kg અખાદ્ય વાસી પ્રિપેર્ડ ફૂડનો નાશ
- શ્રી ચાઈનીઝ & ફાસ્ટફૂડ (એસ.ટી. બસપોર્ટ કોમ્પ્લેક્સ) ૪ કિલો અખાદ્ય વાસી પ્રિપેર્ડ ફૂડનો નાશ
- આર.આર. પાન & હોટલ ( ગોંડલ રોડ ) ૫ લીટર વાસી લસ્સીનો નાશ
- સોમનાથ ચાઈનીઝ & પંજાબી (સ્વામિનારાયણ ચોક)૧૪ કેજી અખાદ્ય વાસી પ્રિપેર્ડ ફૂડ તેમજ ડેરી પ્રોડક્ટસનો નાશ
- નીલકંઠ રેસ્ટોરન્ટ (મારુતિ ચોક) ૩ કેજી વાસી બાંધેલો લોટનો નાશ
- સાઈઝ ઝીરો -અક્ષર માર્ગ, કાલાવડ રોડ -૨૨ કિલો અખાદ્ય વાસી પ્રિપેર્ડ ફૂડનો નાશ
- ફીલ ઈન ચાઈનીઝ & ફાસ્ટફૂડ (કાલાવડ રોડ) ૦૧ કેજી એક્સપાયરી બ્રેડનો નાશ.




# રાજકોટમાં ફૂડ વિભાગની રેડ

# મસાલા અને બ્રાન્ડેડ પ્રોડક્ટ્સના સેમ્પલ લેવામાં આવ્યા

## મસાલા, દુધ અને બેકરી પ્રોડક્ટ્સમાં ભેળસેળ રોકવા ફુડ સેફ્ટી એક્ટ હેઠળ તપાસનો ધમધમાટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યચીજો મળી રહે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા કડક તપાસ હાથ ધરવામાં આવી છે. ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મસાલા માર્કેટ, ડેરી અને મોટા મોલમાંથી ખાદ્ય પદાર્થોના કુલ ૩૮ નમૂના મેળવી પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

આ તપાસ દરમિયાન રૈયા રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ અને મોરબી રોડ પર આવેલી વિવિધ મસાલા માર્કેટમાં તવાઈ બોલાવવામાં આવી હતી. જેમાં હળદર, મરચું, જીરું, ધાણાજીરું અને રાઈ જેવા લૂઝ તેમજ પેકેજડ મસાલાના સેમ્પલ લેવામાં આવ્યા છે. ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલા આ તમામ ૩૮ નમૂનાઓને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જો કોઈ નમૂનો ફેઈલ જશે અથવા તેમાં ભેળસેળ માલૂમ પડશે, તો સંબંધિત પેઢી કે ઉત્પાદક સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

જેમાં (૧) પેડક રોડ પર મેલડી માતાજીના મંદિર પાસે મહેતા મસાલા ભંડારમાંથી ધાણી અને જીરું (૨) મોરબી રોડ પર જકાતનાકા પાસેની પંચસરા મસાલા અને માં શક્તિ મસાલા ભંડારમાંથી હળદર અને મેથી (૩) રૈયા રોડ પર જે.કે.પાર્કમાંથી ખોડિયાર મસાલા બજાર અને કરણ મસાલા માર્કેટમાંથી હળદર, રાઈ અને મરચું પાવડર (૪) ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શ્રી ખોડિયાર મસાલા માર્કેટમાં આવેલ રઘુવંશી મસાલા અને ભગવતી મસાલામાંથી વિવિધ મસાલાના નમૂના લેવાયા છે.




### રિલાયન્સ મોલમાંથી નમુના લેવાયા

માત્ર લૂઝ મસાલા જ નહીં, પરંતુ જાણીતી બ્રાન્ડ્સ અને ૧૫૦ રીંગ રોડ પર આવેલ રિલાયન્સ માર્કેટ જેવા મોટા મોલ્સમાં પણ તપાસ કરવામાં આવી હતી. જ્યાંથી ફૂડ વિભાગની ટીમે ગૂડલાઈફ, સુહાના અને કેચ જેવી બ્રાન્ડના મરચું, હળદર, ધાણા પાવડર અને કાળા તલના પેકેજડ નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત પરાબજારમાંથી હાથી બ્રાન્ડની રાજાપુરી હળદર, કાશ્મીરી મરચું અને રાઈના પેકેજડ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જ્યારે અક્ષર માર્ગ ઉપરથી કાનહાઇ ફૂડ્સ લિ. માંથી જામ રોલ કુકીઝનો નમૂનો લેવાયો હતો.

# ખેડૂતો માટે ગોલ્ડન સિઝન ?


# ગુજરાતમાં મેગા ચોમાસું 50 ઈંચ વરસાદની ધમાકેદાર આગાહી



## રાજકોટમાં જળક્રાંતિ ટ્રસ્ટની બેઠકમાં 11 જેટલા વર્ષ વિજ્ઞાન તજજ્ઞોનો વર્તારો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવે ચોમાસાને લઈ મહત્વપૂર્ણ અને રાહતભર્યા સમાચાર સામે આવ્યા છે. હવામાન નિષ્ણાતો અને આગાહીકારોની બેઠકમાં ગુજરાત માટે આ વર્ષનું ચોમાસું સામાન્ય કરતાં વધુ સક્રિય રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.જાણકારી મુજબ, રાજ્યમાં આ વર્ષે અંદાજે ૪૦ થી ૫૦ ઈંચ વરસાદ વરસી શકે તેવી આગાહી કરવામાં આવી છે. આ અનુમાન વિવિધ વર્ષા વિજ્ઞાનના અભ્યાસ અને હવામાન પરિસ્થિતિના વિશ્લેષણના આધારે આપવામાં આવ્યું છે.આ બાબતે જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા બેઠક યોજાઈ હતી, જેમાં કુલ ૧૧



જેટલા વર્ષા વિજ્ઞાન નિષ્ણાતો હાજર રહ્યા હતા. બેઠકમાં ખાસ કરીને આવનારા ચોમાસાની સ્થિતિ, વરસાદની વહેંચણી અને ખેડૂતો માટે વાવણી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ તબક્કાવાર આયોજન વરસાદની શક્યતા અને જમીનની ભેજની સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે, જેથી ખેડૂતોને વધુ સારો પાક મેળવી શકાય.

## ખેડૂતો માટે વાવણીના ત્રણ તબક્કા જાહેર

**બેઠકમાં ખેડૂતોને માર્ગદર્શન આપતાં વાવણી માટે ત્રણ અલગ-અલગ સમયગાળા સૂચવવામાં આવ્યા છેઃ**

**પ્રથમ તબક્કોઃ ૧૫ જૂનથી વાવણી શરૂ કરી શકાય**

**બીજો તબક્કોઃ ૨૧ જૂન આસપાસ વાવણી માટે અનુકૂળ સમય**

**ત્રીજો તબક્કોઃ ૩ જુલાઈ પછી વાવણી કરવાની ભલામણ**

## વાવાઝોડા અંગે મહત્વની સ્પષ્ટતા

બેઠક દરમિયાન સંભવિત કુદરતી આફતો, ખાસ કરીને વાવાઝોડા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. નિષ્ણાતોએ સ્પષ્ટ કર્યું કે હાલની પરિસ્થિતિને જોતા ગુજરાતમાં આ વર્ષે કોઈ મોટો હોનારત કે વાવાઝોડાનો ખતરો દેખાતો નથી. આથી રાજ્યને મોટાપાયે નુકસાન થવાની શક્યતા ઓછી હોવાનું જણાવાયું છે.

## ચોમાસાની વિદાય અંગે આગાહી

અંતમાં હવામાન નિષ્ણાતોએ અનુમાન વ્યક્ત કર્યું છે કે ગુજરાતમાં ચોમાસું ૧૫ ઓક્ટોબર આસપાસ વિદાય લઈ શકે છે. આ સમયગાળા સુધી રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહી શકે છે.આ સમગ્ર આગાહીઓ બાદ ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# આપણું ગુજરાત, ગૌરવવંતુ ગુજરાત

## ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છાઓ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સ્થાપના દિવસ ગુજરાતના ગૌરવ અને અસ્મિતાનો પર્વ છે. ૧ મે ૧૯૬૦ ના રોજ બોમ્બે રાજ્યમાંથી અલગ થઈને ગુજરાત રાજ્યની સ્થાપના થઈ હતી, જે દર વર્ષે ગુજરાત સ્થાપના દિવસ તરીકે ઉજવાય છે. મહાગુજરાત આંદોલન બાદ ઈન્દુલાલ યાજ્ઞિકના નેતૃત્વમાં ભાષાના આધારે આ અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આજે ગુજરાત સ્થાપનાના ૬૬ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. રાજ્ય રચનાની પ્રક્રિયામાંથી ગુજરાત રાજ્યનું સ્વતંત્ર અસ્તિત્વ પ્રાપ્ત થયું. આ દિવસ માત્ર એક ઐતિહાસિક ઘટના નથી, પરંતુ ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા, સાહસ અને વિકાસયાત્રાનું પ્રતિક છે. વેપાર, ઉદ્યોગ, શિક્ષણ અને કૃષિ ક્ષેત્રે ગુજરાતે દેશ-વિદેશમાં આગવી ઓળખ બનાવી છે.



**આલેખન**
અરૂણ નિર્મળ

ગુજરાત કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરનાર રાજ્ય છે. સરદાર સરોવર યોજના અને નર્મદા કેનાલના કારણે સિંચાઈની સુવિધાઓ વધતા ખેડુતોને વિશાળ લાભ મળ્યો છે. કપાસ, મગફળી, જીરૂં, ઘઉં અને ખાંડ જેવી પાકોમાં ગુજરાત અગ્રણી રહ્યું છે. આધુનિક ટેકનોલોજી અને કૃષિ સંશોધન દ્વારા ઉત્પાદનમાં સતત વધારો થયો છે. દુધ ઉત્પાદન ક્ષેત્રે આદરણીયશ્રી વર્ગીશ કુરિયનના માર્ગદર્શન હેઠળ “અમૂલ” જેવી સંસ્થાઓએ “વ્હાઈટ રેવોલ્યુશન” લાવી ખેડુતોને આર્થિક રીતે મજબૂત બનાવ્યા છે.ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત ભારતનું શક્તિશાળી કેન્દ્ર છે. પેટ્રોકેમિકલ, ટેક્સટાઇલ, ફાર્માસ્યુટિકલ અને ડાયમંડ પોલિશિંગ ઉદ્યોગોમાં રાજ્ય અગ્રેસર છે. ગુજરાતમા અનેક મોટી કંપનીઓએ રાજ્યમાં રોકાણ કરીને રોજગારી અને વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.ગુજરાત સંતો અને મહંતોની પવિત્ર ભૂમિ તરીકે પણ પ્રસિદ્ધ છે. નરસિહ મહેતાએ ભક્તિ અને સમરસતાનો સંદેશ આપ્યો, તેમનું “વૈષ્ણવ જન તો” આજે પણ માનવતાનું પ્રતિક છે. સ્વામિનારાયણ સંસ્થાઓએ સમાજમાં નૈતિકતા, સદાચાર અને આધ્યાત્મિક જીવનનો પ્રચાર કર્યો અને લાખો લોકોને નિર્વ્યસની બનાવ્યા. વીરપુર  જલારામ બાપાનું પ્રખ્યાત ધામ જયા સેવાભાવ અને પરોપકાર દ્વારા માનવતાની મિસાલ ઊભી કરી. ભક્ત સુદામા અને કૃષ્ણના મિત્રભાવ પણ ભુલાય નહિં, અનેક સંતો મહંતો ના મુખેથી આજે પણ કથાઓ દ્વારા સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યોનો પ્રસાર કરે છે. આ સંતો-મહંતો તેમજ દલપત નાન્હાલાલના મધુર કાવ્ય, મેઘાણીજીની શોર્ય કથાઓ, નર્મદના કાવ્યો આજે પણ ગુજરાતીઓમાં ગુંજે છે. ઉપદેશો અને જીવનમૂલ્યો અને કાવ્યો ના કારણે ગુજરાતને પવિત્ર ભૂમિ તરીકે વિશેષ ઓળખ મળી છે.ગુજરાત મહાન વ્યક્તિઓની ધરતી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ અહિંસા અને સત્યના માર્ગથી સ્વતંત્રતા સંઘર્ષને નવી દિશા આપી, જયારે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલએ દેશના એકીકરણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું. મહાન વૈજ્ઞાનિક શ્રી વિક્રમ સારાભાઈએ વિજ્ઞાન ક્ષેત્રે ભારતને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યું. આ મહાનુભાવોના યોગદાન, કૃષિ-ઔદ્યોગિક વિકાસ અને સંતોના આશીર્વાદના આધારે ગુજરાત આજે પ્રગતિના માર્ગે ઝડપથી આગળ વધી રહ્યું છે. આ પાવન દિવસે આપણે સૌ ગુજરાતના સર્વાંગી વિકાસમાં પોતાનું યોગદાન આપવાનો સંકલ્પ લઈએ. દેશ-વિદેશમાં વસતા સૌ ગુજરાતીઓને “ગુજરાત સ્થાપના દિવસ”ની હાર્દિક શુભકામનાઓ!

# ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન અને વિકાસનું વૈશ્વિક મોડેલ: ઉદય કાનગડ

## ગિફ્ટ સિટી, મેટ્રો અને બુલેટ ટ્રેન જેવા પ્રોજેક્ટ્સ ગુજરાતને આધુનિકતા તરફ લઈ જઈ રહ્યા છે



**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટ વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદય કાનગડએ ગુજરાત રાજ્યના ૬૬માં સ્થાપના દિવસ નિમિત્તે શહેરીજનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે જણાવ્યું કે, ૧st May ૧૯૬૦ ના રોજ સ્થપાયેલું આપણું ગુજરાત આજે સાહસ, સંસ્કાર અને સમૃદ્ધિનું પર્યાય બની ચૂક્યું છે. ગુજરાતની પ્રજાની કોઠાસૂઝ અને પડકારો સામે લડવાની શક્તિ જ તેને અન્ય રાજ્યોથી અલગ તારવે છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા મહાપુરુષોની આ ધરાએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.ધારાસભ્યએ ગુજરાતની આર્થિક સિદ્ધિઓ પર ભાર મૂકતા જણાવ્યું કે, દેશની માત્ર ૫% વસ્તી ધરાવતું ગુજરાત ભારતની GDP માં ૮.૨% થી ૮.3% જેટલો કુલ મજબૂત ફાળો આપે છે. એટલું જ નહીં, દેશની કુલ નિકાસમાં ગુજરાત 30% થી વધુ હિસ્સો ધરાવીને અર્થતંત્રને વેગ આપી રહ્યું છે. રાજ્ય સરકારે રજૂ કરેલું ૪.૦૮ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ 'વિકસિત ગુજરાત' ના વિઝનને સાકાર કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોને પ્રાથમિકતા આપી રહ્યું છે.ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને આધુનિકતાના સમન્વય વિશે વાત કરતા ઉદય કાનગડએ કહ્યું કે, રાજ્યમાં એક તરફ સોમનાથ અને દ્વારકા જેવા આધ્યાત્મિક કેન્દ્રો છે, તો બીજી તરફ ગિફ્ટ સિટી, ધોલેરા સ્માર્ટ સિટી અને બુલેટ ટ્રેન જેવા મેગા પ્રોજેક્ટ્સ ધબકી રહ્યા છે. ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, જે રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે. ટેસલા અને માઈક્રોન જેવી કંપનીઓનું આગમન ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યની સાક્ષી પૂરે છે. અંતમાં, ધારાસભ્યએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી વિકાસયાત્રાને બિરદાવી હતી. તેમણે શહેરીજનોને આહવાન કર્યું હતું કે, 'આત્મનિર્ભર ભારત' માટે આપણે સૌ 'આત્મનિર્ભર ગુજરાત' ના નિર્માણમાં સહભાગી થઈએ. કવિ નર્મદની પંક્તિ 'ડગલું ભર્યું કે ના હટવું' ને ચરિતાર્થ કરી રહેલા ખમીરવંતા ગુજરાતીઓને તેમણે નમન કરી ઉત્સવની ઉજવણી કરવા અપીલ કરી હતી.



**ધારાસભ્ય**
ઉદય કાનગડ

### મંડપમાં મહાભારત : સ્ટેજ પર જ દગો

# લગ્નના મંડપમાં દુલ્હાને છોડી પ્રેમીને પહેરાવી વરમાળા



### વર–કન્યા પક્ષ વચ્ચે છૂટા હાથની મારામારી



**સિટી ન્યૂઝ@ઉત્તર પ્રદેશ**

મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લાના ઉમરેઠ વિસ્તારમાં એક એવો કિસ્સો બન્યો છે જેણે સૌને ચોંકાવી દીધા છે. ઉમરેઠના મુજાવર ગામે લગ્નના મંડપમાં જ્યારે વરમાળાની વિધિ ચાલી રહી હતી, ત્યારે દુલ્હને વરરાજાને બાજુ પર મૂકીને અચાનક સ્ટેજ પરથી ઉતરીને ત્યાં હાજર પોતાના પ્રેમીના ગળામાં વરમાળા પહેરાવી દીધી હતી.

પરાસિયાથી ભલાવી પરિવારનો વરરાજા જાન લઈને મુજાવર ગામ પહોંચ્યો હતો. આતશબાજી અને ધામધૂમથી જાનનું સ્વાગત થયું અને મહેમાનો જમવાની મજા માણી રહ્યા હતા. જ્યારે વર-કન્યા વરમાળા માટે સ્ટેજ પર સામસામે ઉભા હતા, ત્યારે દુલ્હને મંડપમાં ઉભેલા પોતાના પ્રેમીને જોઈને અચાનક સ્ટેજ પરથી નીચે દોટ મૂકી હતી. દુલ્હનના આ પગલાથી રોષે ભરાયેલા પરિવારજનોએ મંડપમાં જ પ્રેમીને પકડીને ઢોર માર માર્યો હતો અને તેને ત્યાંથી ભગાડી દીધો હતો. જોકે, આ ઘટના બાદ જાનૈયાઓ અને કન્યા પક્ષ વચ્ચે ભારે બોલાચાલી થઈ અને મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. અપમાનિત થયેલા વરરાજાએ લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી અને જાન પરણ્યા વગર જ પાછી ફરી હતી.

યુવતીનો પ્રેમ સંબંધ છેલ્લા બે વર્ષથી ચાલતો હતો અને પરિવારના દબાણને વશ થઈને તે લગ્ન માટે તૈયાર થઈ હતી. પરંતુ અંતિમ ક્ષણે પ્રેમીને જોઈને તેણે મન બદલી નાખ્યું હતું. આ મામલે વર પક્ષે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વર પક્ષે કન્યા પક્ષને આપેલા ઘરેણાં, વીંટી અને મોબાઈલ પાછા લઈ લીધા છે. હાલમાં પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે અને દુલ્હન હાલ તેના પરિવાર સાથે ઘરે જ છે.




### લવ લોજિક કે લફડો ?

# સબંધોની સીમા તૂટી બહેનોએ પતિઓની કરી અદલા-બદલી

### બાળકો હોવા છતાં બહેનોએ બહેનોએ 'પતિ બદલવાની' ઈચ્છા વ્યક્ત કરી

**સિટી ન્યૂઝ@મધ્યપ્રદેશ**

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ગ્વાલિયર બેન્ચમાં તાજેતરમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે કાયદાકીય જગત અને સમાજમાં ભારે ચર્ચા જગાવી છે. એક પતિ દ્વારા પોતાની પત્નીના અપહરણની કરવામાં આવેલી ફરિયાદમાં જ્યારે સત્ય સામે આવ્યું, ત્યારે ન્યાયાધીશ સહિત કોર્ટરૂમમાં હાજર તમામ લોકો દંગ રહી ગયા હતા. આ કેસમાં બે સગી બહેનોએ એકબીજાના પતિઓ સાથે રહેવાની અને પતિ બદલવાની (Husband Swapping) ઈચ્છા વ્યક્ત કરી છે.

દતિયાના રહેવાસી ગિરિજા શંકરે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી દાખલ કરીને આક્ષેપ કર્યો હતો કે માયારામ નામના શખ્સે તેની પત્ની અને પુત્રીને ગેરકાયદેસર રીતે બંધક બનાવ્યા છે. કોર્ટના આદેશ બાદ પોલીસે જ્યારે મહિલાને રજૂ કરી, ત્યારે તેણે જણાવ્યું કે તે કોઈના દબાણમાં નથી, પરંતુ પોતાની મરજીથી તેના બનેવી (બહેનના પતિ) માયારામ સાથે રહી રહી છે. મહિલાએ એમ પણ ઉમેર્યું કે તેણે તેના વર્તમાન પતિથી છૂટાછેડા માટે અરજી પણ કરી દીધી છે.

આ કિસ્સામાં સૌથી રોમાંચક વળાંક ત્યારે આવ્યો જ્યારે માયારામની પત્ની એટલે કે અરજદારની સાળીએ પણ આ સંબંધ સામે કોઈ વાંધો ઉઠાવ્યો નહીં. ઉલટું, તેણે કોર્ટમાં જાહેર કર્યું કે જો તેની મોટી બહેન તેના પતિ સાથે રહેવા માંગતી હોય, તો તેને મંજૂરી છે, કારણ કે તેને પણ તેની મોટી બહેનના પતિ (બનેવી) સાથે રહેવામાં રસ છે. બંને બહેનો પરિણીત છે અને તેમને બાળકો પણ છે, છતાં તેઓએ એકબીજાના પતિ સાથે નવું જીવન શરૂ કરવાની મનીષા વ્યક્ત કરી હતી.


ગ્વાલિયર હાઈકોર્ટે આ કેસની સુનાવણી બાદ અવલોકન કર્યું કે બંને મહિલાઓ પુખ્ત વયની છે અને સ્વેચ્છાએ પોતાના નિર્ણયો લઈ રહી છે. વધારાના સરકારી વકીલ ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે, મહિલાએ પોતે જ અપહરણનો ઈનકાર કર્યો હોવાથી કોર્ટે હેબિયસ કોર્પસ અરજી ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ હવે અપહરણનો કેસ નહીં પણ કૌટુંબિક વિવાદનો મામલો છે.

# મોસમનો મિજાજ બગડ્યોઃ મોતનું તાંડવ

## હવામાનનું ભયંકર રૂપ 29ના મોતથી હાહાકાર



## યુપી-બિહાર અને કર્ણાટકમાં વાવાઝોડા-વરસાદથી 32ના મોત



**સિટી ન્યૂઝ@મધ્યપ્રદેશ**

છેલ્લા ૧૫ દિવસથી ભીષણ ગરમીનો સામનો કરી રહેલા દેશના મોટા ભાગમાં ગુરુવારે તેજ પવનો સાથે વરસાદથી થોડી રાહત મળી. ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, ઝારખંડમાં વાવાઝોડા-વરસાદ અને કરા પડવાથી તાપમાનમાં ૩-૫C સુધીનો ઘટાડો થયો. યુપીમાં ગુરુવારે છેલ્લા બે દિવસ દરમિયાન વાવાઝોડા-વરસાદથી ૧૭ લોકોનાં મોત થયા. બિહારમાં પણ ૫ લોકોનાં મોત થયા છે. કર્ણાટકના બેંગલુરુમાં બુધવારે રાત્રે ભારે વરસાદ અને વાવાઝોડા દરમિયાન બનેલી અલગ-અલગ ઘટનાઓમાં મૃત્યુઆંક ૧૦ થયો છે. દિલ્હીમાં ગુરુવારે ઘણા વિસ્તારોમાં વરસાદ, તેજ પવન અને કરા પડ્યા. આનાથી તાપમાન ૮ થી ૧૫C સુધી ઘટી ગયું. પાલમમાં તાપમાન ૩૯ થી ઘટીને ૨૮ ડિગ્રી થઈ ગયું. હવામાન વિભાગે જણાવ્યું કે દિલ્હીમાં આ વર્ષે એપ્રિલ દરમિયાન ૧૮ વર્ષમાં સૌથી વધુ ૨૭.૯ મિમી વરસાદ થયો. આ પહેલા એપ્રિલ ૨૦૦૮માં ૩૮.૬ મિમી વરસાદ નોંધાયો હતો. જોકે, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ગરમીથી કોઈ રાહત મળી નથી. ગુરુવારે મહારાષ્ટ્રનું ચંદ્રપુર દેશમાં સૌથી ગરમ સ્થળ રહ્યું. અહીં તાપમાન ૪૪.૬C નોંધાયું. રાજસ્થાનના બાડમેર અને જેસલમેરમાં ૪૪C તાપમાન રહ્યું. મધ્ય પ્રદેશમાં ભીષણ ગરમી વચ્ચે કરા, વરસાદ અને વાવાઝોડાનો દોર શરૂ થઈ ગયો છે. ગુરુવારે ભોપાલ-ગ્વાલિયર સહિત ૧૫થી વધુ જિલ્લાઓમાં તેજ પવન અને ગાજવીજ સાથે વરસાદ થયો. ઉમરિયા-મુરૈનામાં કરા પણ પડ્યા. ભોપાલમાં તેજ વાવાઝોડું ફૂંકાતા કોલાર રોડ સહિત ઘણા વિસ્તારોમાં વૃક્ષો પણ ઉખડી ગયા. IMDએ શુક્રવારે ગ્વાલિયર સહિત ૧૭ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કર્યું છે. છત્તીસગઢમાં ભીષણ ગરમી વચ્ચે હવામાનનો મિજાજ બદલાઈ ગયો છે. રાયગઢ અને ગરિયાબંધ જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભીષણ ગરમી વચ્ચે ગુરુવારે જોરદાર કરા પડ્યા. ગરિયાબંધના ઈંદાગાવ, ઉદંતી અને જુગાડ વિસ્તારમાં બરફની સફેદ ચાદર પથરાઈ ગઈ. હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ અને વીજળી પડવા સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

## હીટવેવએ મચાવ્યો વિનાશ, મહારાષ્ટ્રમાં 67 લોકોના મોત !

### રાજસ્થાન મહારાષ્ટ્રમાં પારો 45 ડિગ્રી




**સિટી ન્યૂઝ@મહારાષ્ટ્ર**

વિદર્ભ સતત કાળઝાળ ગરમીનું કેન્દ્ર બન્યા બાદ હવે અકોલા, નાગપુર અને વર્ધામાં ગરમીનું જોર ઓછું થવાની સંભાવના છે. હવામાન ખાતાની માહિતી મુજબ ચંદ્રપુરમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અકોલા અને નાગપુરમાં તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ ૨૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. છત્તીસગઢમાં ભીષણ ગરમી વચ્ચે હવામાનનો મિજાજ બદલાઈ ગયો છે. રાયગઢ અને ગરિયાબંધ જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભીષણ ગરમી વચ્ચે ગુરુવારે જોરદાર કરા પડ્યા. ગરિયાબંધના ઈંદાગાવ, ઉદંતી અને જુગાડ વિસ્તારમાં બરફની સફેદ ચાદર પથરાઈ ગઈ. હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ અને વીજળી પડવા સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.૨ મેના રોજ પાકિસ્તાનને અડીને આવેલા રાજસ્થાનમાં લૂ ચાલશે. તેમજ વાવાઝોડા અને વરસાદનું પણ એલર્ટ છે.મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, બિહાર, ઝારખંડ, બંગાળ, દક્ષિણ કર્ણાટકમાં વાવાઝોડા અને વરસાદનું યલો એલર્ટ છે. સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ અને કેરળમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.૩ મેના રોજ જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, હિમાચલ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને કેરળમાં વરસાદ પડશે. બંગાળ, આસામ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. પશ્ચિમ રાજસ્થાનમાં લૂનું એલર્ટ છે. જ્યારે તમિલનાડુ પુડુચેરીમાં ભેજવાળું વાતાવરણ રહેશે.



### ક્રૂઝ ડૂબતા 22ને બચાવી લેવાયા, 4ના મૃતદેહ મળ્યા

# જબલપૂરમાં ક્રુઝ દુર્ઘટના 10 લોકોના મોતની આશંકા



**સિટી ન્યૂઝ@મધ્યપ્રદેશ**

મધ્યપ્રદેશના જબલપુરમાં નર્મદા નદી પર બનેલા બરગી ડેમમાં ગુરુવારે સાંજે પ્રવાસીઓથી ભરેલું ક્રુઝ ડૂબી ગયું. પોલીસના જણાવ્યા અનુસાર, ૪ મૃતદેહો મળી આવ્યા છે. ૨૨ લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. ૧૫થી વધુ લોકો હજુ પણ ગુમ છે.બરગી સિટી એસપી (CSP) અંજુલ મિશ્રાએ જણાવ્યું કે MP ટુરિઝમના ક્રુઝમાં ૪૦થી ૪૫ લોકો સવાર હતા. અચાનક આવેલા વાવાઝોડાને કારણે આ દુર્ઘટના બની. દુર્ઘટનાની જાણ થતા જ SDRFની ટીમ બચાવ કામગીરી માટે પહોંચી ગઈ. અંધારું હોવાને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી આવી રહી છે. જોકે, મોટી ટોર્ચનો ઉપયોગ કરીને લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.

પાયલટનો દાવોઃ લાઈફ જેકેટ પહેરવાનો મોકો ન મળ્યો' ક્રુઝ પાયલટ મહેશે જણાવ્યું કે તે છેલ્લા ૧૦ વર્ષથી ક્રુઝ ચલાવી રહ્યો છે અને સંપૂર્ણ પ્રશિક્ષિત અને લાઈસન્સધારક છે. તેમના મતે ક્રુઝમાં તમામ સુરક્ષા વ્યવસ્થા અને પર્યાપ્ત લાઈફ જેકેટ હાજર હતા, પરંતુ વાવાઝોડું એટલી ઝડપથી આવ્યું કે મુસાફરોને લાઈફ જેકેટ પહેરવાનો મોકો ન મળી શક્યો.બરગી ડેમમાં થયેલા ક્રુઝ અકસ્માત પર જગદ્ગુરુ સુખાનંદ દ્વારાચાર્ય સ્વામી રાઘવ દેવાચાર્યએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે આ ઘટના માનવતાને હચમચાવી દેનારી અને અત્યંત દુખદ છે.તેમણે દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા ઈશ્વરને પ્રાર્થના કરી કે તેમને શ્રીચરણોમાં સ્થાન મળે તથા શોકાતુર પરિવારોને આ મુશ્કેલ સમયમાં શક્તિ મળે. સાથે જ તેમણે ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના પણ કરી. જબલપુરના બરગી ડેમ ખાતે પલટી ગયેલા ક્રૂઝ જહાજમાં કુલ ૨૯ લોકો સવાર હતા. તેમાંથી ૧૫ લોકો તરીને સુરક્ષિત બહાર નીકળી ગયા છે, જ્યારે બાકીના લોકોની શોધખોળ ચાલુ છે. કલેક્ટર રાઘવેન્દ્ર સિંહ અને પોલીસ અધિક્ષક સંપત ઉપાધ્યાય ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અધિકારીઓ અને બચાવ ટીમો મોટી ટોર્ચ લાઈટનો ઉપયોગ કરીને અંધારામાં શોધખોળ કરી રહ્યા છે.

### હેલ્થકેરમાં ક્રાંતિઃ નવી રાષ્ટ્રીય આરોગ્ય નિતી જાહેર

# ટાઈપ-1 ડાયાબિટીસ બાળકો માટે ઈન્સ્યુલિન હવે ફ્રી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આજે એટલે કે ૩૦ એપ્રિલે કેન્દ્રીય આરોગ્ય ને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડાએ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨.૦ હેઠળ ભારતના ટાઈપ ૧ ડાયાબિટીસ ધરાવતા બાળકો માટે નવી ગાઈડલાઈન એટલે કે નવી રાષ્ટ્રીય આરોગ્ય નીતિ જાહેર કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની આ નીતિ પાછળ ગુજરાતના વિસનગરના જોષી પરિવારની આઠ વર્ષની મહેનત છે. પરિવારની બે દીકરીઓએ ડૉ. સ્મિતાબેન જોષી તથા ડૉ. શુક્લાબેન રાવલે ગુજરાત જ નહીં, ભારતભરના ટાઈપ ૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોને નિશુલ્ક ઈન્સ્યુલિન સહિતની સારવાર મળે તે માટેનું બીડું ઝડપ્યું હતું. એ વાત પણ ખાસ છે કે અમેરિકા પણ ટાઈપ ૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોને મફતમાં ઈન્સ્યુલિન આપતું નથી, જ્યારે ભારતમાં હવે દરેક બાળકને આ સારવાર સરકારી હૉસ્પિટલમાં ફ્રીમાં




મળશે. આ નીતિ હેઠળ હવે ભારતની તમામ સરકારી જિલ્લા હૉસ્પિટલમાં વિના મૂલ્યે ટાઈપ ૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોને ફ્રી ઈન્સ્યુલિન ઉપરાંત ફ્રી ગ્લુકોમીટર, ફ્રી સ્ટ્રીપ્સ, પ્સ, ફ્રી લેબોરેટરી ટેસ્ટ, ફ્રી મેડિકલ ચેકઅપ ફોર કોમ્પલીકેશન્સ જેવી સુવિધા મળશે. આ ઉપરાંત ભારતભરમાં આંગણવાડી તથા શાળાોમાં સ્ક્રીનિંગ પણ કરવામાં આવશે.

# PSI ભરતી પરીક્ષા પેપર-1ની પ્રોવિઝનલ આન્સર કી જાહેર

### ભરતી બોર્ડની વેબસાઈટ પર જવાબ ચકાસણી 4 મે સુધી ઓનલાઈન વાંધા નોંધાવી શકાશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૫૨૬/૧ અંતર્ગત પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) કેડરની લેખિત પરીક્ષાના પેપર-૧ની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. આ પરીક્ષા તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાઈ હતી.ઉમેદવારો માટે મહત્વપૂર્ણ માહિતી મુજબ, પેપર-૧ની આન્સર કી ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ https://gprb.gujarat.gov.in પર ઉપલબ્ધ કરવામાં આવી છે, જ્યાં ઉમેદવારો પોતાના જવાબોની ચકાસણી કરી શકે છે.જો કોઈ ઉમેદવારને આન્સર કી સામે કોઈ વાંધો કે રજૂઆત કરવી હોય તો તે તા. ૪ મે ૨૦૨૬ના સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઓનલાઈન માધ્યમ દ્વારા કરી શકશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે નિર્ધારિત સમયમર્યાદા બાદ કોઈ પણ પ્રકારની રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં.

# દુનિયાભરમાં અંધાધૂંધીનો ખતરો

## યુદ્ધ ચાલુ જ છે : ટ્રમ્પ

### સંસદમાંથી મંજૂરી ટાળી, પ્રસ્તાવ રદ્દ થવાનો ડર



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

અમેરિકા પહેલીવાર ઈરાન વિરુદ્ધ હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. અમેરિકાની સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)ના કમાન્ડરે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ઈરાન વિરુદ્ધ સંભવિત હુમલો કરવાના વિકલ્પોની જાણકારી આપી છે.ફોક્સ ન્યૂઝ અનુસાર, એડમિરલ બ્રેડ કૂપરે વ્હાઈટ હાઉસના સિચ્યુએશન રૂમમાં ટ્રમ્પ સાથેની બેઠકમાં આ વિકલ્પો રજૂ કર્યા. તેમાં જણાવાયું હતું કે જો ટ્રમ્પ ફરીથી હુમલો કરવાનો નિર્ણય લે છે, તો એક નાનો પણ ખૂબ શક્તિશાળી હુમલો કરી શકાય છે. રિપોર્ટ અનુસાર, આ હુમલામાં ઈરાનની બાકી રહેલી સૈન્ય તાકાત, તેના નેતાઓ અને મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર)ને નિશાન બનાવી શકાય છે.રક્ષા મંત્રાલય કેટલાક નવા અને એડવાન્સ હથિયારોનો ઉપયોગ કરવા પર પણ વિચાર કરી રહ્યું છે. આમાં ડાર્ક ઈગલ નામની હાઈપરસોનિક મિસાઈલ પણ સામેલ છે. આ મિસાઈલ લગભગ ૨,૦૦૦ માઈલ દૂર સુધી નિશાન સાધી શકે છે અને ઈરાનના બાકી રહેલા બેલિસ્ટિક મિસાઈલ લોન્ચરોને ટાર્ગેટ કરી શકે છે.ટ્રમ્પે ઈરાન યુદ્ધની મંજૂરી માટે સંસદમાં પ્રસ્તાવ રજૂ કરવાનો ઈરાદો હાલ પૂરતો ટાળી દીધો છે. યુદ્ધના ૬૦ દિવસનો સમય પૂરો થયા બાદ તેને ચાલુ રાખવા માટે ૧ મેના રોજ પ્રસ્તાવ રજૂ કરવાનો હતો.રક્ષા મંત્રી પીટ હેગસેથે ગુરુવારે સંસદમાં કહ્યું કે રાષ્ટ્રપતિને ૬૦ દિવસથી વધુ યુદ્ધ ચાલુ રાખવા માટે સંસદની મંજૂરી લેવાની જરૂર નથી. તેમનું કહેવું હતું કે ઈરાન સાથે જે સીઝફાયર (યુદ્ધવિરામ) થયું છે, તેનાથી આ ૬૦ દિવસની સમય મર્યાદા અટકી ગઈ છે.અમેરિકા-ઈરાન યુદ્ધ ૭ એપ્રિલે અટકી ગયું હતું. તેનો અર્થ એ છે કે આ યુદ્ધ લગભગ ૪૦ દિવસ ચાલ્યું.



## ઈરાનની ચાલથી ચિંતા ઈન્ટરનેટ કેબલ કાપી નાંખવાની ધમકી

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

આપણે વારંવાર ક્લાઉડ કમ્પ્યુટિંગ અને વાયરલેસ ઈન્ટરનેટ જેવા શબ્દો સાંભળીએ છીએ, એનાથી આપણને એવું લાગે છે કે ઈન્ટરનેટ તો હવામાં ફરતું હોય છે. પણ એવું નથી. દુનિયામાં જેટલા પણ લોકો ઈન્ટરનેટ વાપરે છે તે ટ્રાફિકનો ૯૯ ટકા ભાગ દરિયાના તળિયામાં પથરાયેલા હજારો કે તેથી પણ વધારે કિલોમીટર લાંબા ફાયબર ઓપ્ટિક કેબલ્સથી પાસ થાય છે. સ્ટારલિંક જેવી સેટેલાઈન્ટ ઈન્ટરનેટ સેવા હજુ ૧થી પણ ઓછો ટકા વાપરવામાં આવે છે. માણસના શરીરમાં જે ધમની કે શીરા જેને આપણે ધોરી નસ કહીએ છીએ તે જેવી રીતે પથરાયેલી છે તે રીતે જ દુનિયામાં ઈન્ટરનેટના કેબલ્સ પથરાયેલા છે. જો કોઈ આ કેબલ્સને કાપી નાખે તો દુનિયાના અમુક વિસ્તારોનું ઈન્ટરનેટ ઠપ્પ થઈ જાય. જેના કારણે આખી દુનિયાની ઈકોનોમી પણ ડામાડોળ થઈ જાય. આપણે એશિયા ખંડમાં છીએ તેનું ઈન્ટરનેટ લાલ સમુદ્ર અને હોર્મુઝ ખાડીથી આવે છે. હાઈવે પર જેમ ટોલનાકા હોય એવી જ રીતે આ વિસ્તારો ડિજિટલ ચેક પોઈન્ટ્સ છે. આપણે એક વાત બરોબર સમજવી જોઈએ કે ઈન્ટરનેટના સબમરિન કેબલ કાપવું સહેલું છે પણ તેનું રિપેરિંગ ખૂબ જ અઘરું હોય છે. એકવાર કેબલ કપાઈ જાય પછી, જહાજોને કેબલનો બીજો છેડો શોધવામાં અને તેને ફરી જોડવામાં મહિનાઓ લાગી શકે છે. અહીં ભયાનક વાત એ છે કે યુદ્ધના કારણે વીમા કંપનીઓએ લાલ સમુદ્ર અને હોર્મુઝની ખાડીમાં જનારા રિપેર જહાજોનો વીમો લેવાની ના પાડી દીધી છે. ટૂંકમાં જો કોઈને કંઈ થઈ જાય તો તેની જવાબદારી કોઈ નહીં લે. ઉપરથી દુનિયામાં કેબલ રિપેર કરવાવાળા જહાજો પણ ગણ્યાં ગાંઠ્યા જ છે. કોઈની સિક્યોરિટીની ગેરંટી નથી, અને કોઈ પણ કંપની પોતાનું કરોડો ડોલરનું જહાજ અત્યારે જોખમમાં મૂકવા તૈયાર નથી. આ બધાનો મતલબ એ થાય કે જો આજે ઈરાન કે હુથીઓ કેબલ કાપે તો કેટલો સમય ઈન્ટરનેટ બંધ રહેશે તેનો જવાબ કોઈ નહીં આપી શકે.




### લગ્નનો DJ બન્યો કાતિલ

# 140 મરઘાના મોતથી હાહાકાર

## મરઘાના માલિકે નોંધાવી FIR




**સિટી ન્યૂઝ@ઉત્તર પ્રદેશ**

ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેણે પશુ-પક્ષીઓ પર અવાજ પ્રદૂષણની ઘાતક અસરો અંગે નવી ચર્ચા છેડી છે. સુલતાનપુરના દરિયાપુર ગામમાં રહેતા પોલ્ટ્રી ફાર્મ માલિક સાબીર અલીએ ફરિયાદ નોંધાવી છે કે ૨૫ એપ્રિલની રાત્રે પડોશમાં યોજાયેલા એક લગ્ન સમારંભમાં વાગતા ડીજેના કારણે તેમના ૧૪૦ મરઘાંના મોત થયા છે.

સાબીરના જણાવ્યા મુજબ, ગામના બબ્બન વિશ્વકર્માની પુત્રીના લગ્ન પ્રસંગે ડીજે ઓપરેટર કવિ યાદવ દ્વારા ખૂબ જ મોટા અવાજે સંગીત વગાડવામાં આવી રહ્યું હતું. ડીજેનો અવાજ અને ધ્રુજારી એટલી તીવ્ર હતી કે તેનાથી ફાર્મમાં રહેલા મરઘાં ગભરાઈ ગયા હતા. સાબીરે ડીજે ઓપરેટરને અવાજ ધીમો કરવા વિનંતી કરી હતી, પરંતુ તેની અવગણના કરવામાં આવી હતી, જેના પરિણામે થોડી જ વારમાં ૧૪૦ મરઘાં મૃત્યુ પામ્યા હતા.

નિષ્ણાતોના મતે, પક્ષીઓ અત્યંત સંવેદનશીલ હોય છે. ખૂબ જ જોરદાર સાઉન્ડ વેવ્ઝ પક્ષીઓમાં ગભરાટ પેદા કરે છે, જેના કારણે તેમનું હૃદય અચાનક ધબકવાનું બંધ કરી દે છે, જેને તબીબી ભાષામાં 'કાર્ડિયાક અરેસ્ટ' કહેવામાં આવે છે. જ્યારે હૃદય બંધ પડે છે, ત્યારે મગજ અને ફેફસાં જેવા મહત્વના અંગોને ઓક્સિજન મળતો બંધ થઈ જાય છે, જે થોડી જ મિનિટોમાં જીવલેણ સાબિત થાય છે.

બલદીરાઈ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ મહેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે, સાબીરની ફરિયાદના આધારે ડીજે ઓપરેટર સામે કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ અત્યારે એ તપાસ કરી રહી છે કે ડીજેનો અવાજ નિર્ધારિત ડેસિબલ મર્યાદા કરતા વધુ હતો કે કેમ. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર પણ લોકો જોરદાર ડીજે સંગીત પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી રહ્યા છે.

### મલાડમાં ફૂટપાથ પર ઘટના બની

# યુવાને રખડતા કૂતરા સાથે દુષ્કર્મ આચર્યુ

## સ્થાનિક મહિલાએ આરોપીને રંગેહાથ ઝડપ્યો આવા ગંભીર ગુના છતાં માત્ર 50 રૂપિયા દંડ




**સિટી ન્યૂઝ@મુંબઈ**

મુંબઈના માલાડ વેસ્ટ વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના પ્રકાશમાં આવી છે. એક પશુચિકિત્સા ક્લિનિકની બહાર ફૂટપાથ પર શ્વાન પર જાતીય શોષણ કરવા બદલ પોલીસે ૪૫ વર્ષીય નરેશ ચંદુલકરની ધરપકડ કરી છે. આ ઘટના ૨૬ એપ્રિલના રોજ રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ બની હતી, જેને સ્થાનિક રહેવાસી રુક્સાના શેખે રંગેહાથ ઝડપી પાડી હતી.

આઘાતજનક બાબત કાયદાકીય જોગવાઈ છે. મુંબઈ પોલીસના માલવાણી યુનિટે આરોપીની અટકાયત તો કરી છે, પરંતુ તેની સામે 'પ્રાણીઓ પર ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦' હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે, જેમાં સજા તરીકે માત્ર ૫૦ રૂપિયાના દંડની જોગવાઈ છે. નિષ્ણાતોના મતે, અગાઉ ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૩૭૭ હેઠળ આવા કિસ્સામાં ૧૦ વર્ષ સુધીની જેલ કે આજીવન કેદની સજા થતી હતી. જોકે, ૧ જુલાઈ, ૨૦૨૪ થી અમલી બનેલી નવી ભારતીય ન્યાય સંહિતા (BNS) માં આ કલમ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે, જેના કારણે પોલીસ પાસે અત્યારે મર્યાદિત વિકલ્પો બચ્યા છે. PETA ઇન્ડિયાના ડેટા મુજબ, જુલાઈ ૨૦૨૪ થી અત્યાર સુધીમાં દેશભરમાં પ્રાણીઓ પર જાતીય શોષણના ૪૦ થી વધુ કેસ નોંધાયા છે. કાંદિવલી ઈસ્ટ, કુરાર ગામ તેમજ હૈદરાબાદ અને કોલકાતા જેવા શહેરોમાં પણ આવી ઘટનાઓ બની છે. મનોચિકિત્સકોના મતે, આ પ્રકારના ગુનેગારો ઘણીવાર 'પેરાફિલિયા ક્રોસઓવર' ધરાવતા હોય છે, જે ભવિષ્યમાં બાળકો કે મહિલાઓ પરના જાતીય ગુનાઓમાં સંડોવાઈ શકે છે.

પ્રાણીઓના હિતમાં કામ કરતી સંસ્થાઓ અને 'ફેડરેશન ઓફ ઇન્ડિયન એનિમલ પ્રોટેક્શન ઓર્ગેનાઇઝેશન' દ્વારા કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી છે. તેમની માંગ છે કે કાયદામાં સુધારો કરી આવા ગંભીર ગુનાઓ માટે ૧૦ વર્ષની સજા અથવા આજીવન કેદની જોગવાઈ પુનઃસ્થાપિત કરવામાં આવે. હાલમાં, આ ગંભીર સામાજિક અને કાનૂની સમસ્યાના ઉકેલ માટે સરકારના નક્કર પગલાંની પ્રતીક્ષા સેવાઈ રહી છે.



# આ ફોટાથી કંગનાને મળી હતી પહેલી ફિલ્મ

સિટી ન્યૂઝ@મુંબઈ

એક્ટ્રેસ અને રાજકારણી કંગના રનૌતે ફિલ્મ-ઈન્ડસ્ટ્રીમાં પોતાનાં ૨૦ વર્ષ પૂર્ણ થતાં જૂના દિવસોને યાદ કર્યા છે. આ પ્રસંગે કંગનાએ એના ખાસ ફોટોશૂટની તસવીર શૅર કરી જેણે તેના જીવનની દિશા બદલી દીધી હતી. આ તસવીરમાં કંગના બ્લુ ડ્રેસમાં સ્ટુડિયોમાં પોઝ આપી રહી છે. કંગનાના પહેલા પોર્ટફોલિયો શૂટના આધારે તેને માત્ર ૧૮ વર્ષની ઉંમરે મોહિત સૂરિની ફિલ્મ 'ગૅન્ગસ્ટર'માં હિરોઇન તરીકે સાઇન કરવામાં આવી હતી અને તેને ડેબ્યુ કરવાનો મોકો મળ્યો હતો. પોતાની આ તસવીરો સાથે કંગનાએ લખ્યું, 'આજે મેં ફિલ્મ-ઇન્ડસ્ટ્રીમાં ૨૦ વર્ષ પૂર્ણ કર્યાં છે. આ મારો પ્રથમ પોર્ટફોલિયો છે જે જતિન કંપાણીએ શૂટ કર્યો હતો અને આના જ કારણે મને 'ગૅન્ગસ્ટર'માં સિમરનનો રોલ મળ્યો હતો.


સાધ્વી સતીશ સેલ


રાજાનંદિની પવાર


શ્રી અદ્વૈતા



ભારતની નવી ક્વીન

# સાધ્વી સેલેને મળ્યો મિસ ઈન્ડિયાનો તાજ


સિટી ન્યૂઝ@મુંબઈ





ઓડિશાના ભુવનેશ્વરમાં આયોજિત ૬૧મા 'ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૬'માં ગોવાની સાધ્વી સતીશ સૈલે મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૬નો તાજ પોતાના નામે કર્યો, જ્યારે મહારાષ્ટ્રની રાજનંદિની પવાર ફર્સ્ટ રનર-અપ અને ડો. શ્રી અદ્વૈતા સેકન્ડ રનર-અપ રહી છે. તેમણે જણાવ્યું કે, આ સફર માત્ર એક ખિતાબ સુધી સીમિત નથી, પરંતુ પોતાને વધુ સારા બનાવવાનો અનુભવ રહ્યો છે. સાથે જ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવાની અને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં આગળ વધવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. સાધ્વી સતીશ સેલે 'ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૬'નો ખિતાબ પોતાના નામે કર્યો છે. ભુવનેશ્વરમાં આયોજિત ૬૧મા ફેમિના મિસ ઈન્ડિયા મંચ પર તેણે દેશનું પ્રતિનિધિત્વ કર્યું. સાધ્વી સતીશ સેલે 'ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૬'નો ખિતાબ પોતાના નામે કર્યો છે.




# હંસિકાનો બીચ લુક વાયરલ









## હંસિકા મોટવાણીના સોહેલ કથુરિયા સાથે છૂટાછેડા બાદ વેકેશન ફોટોઝથી ફરી ચર્ચામાં

સિટી ન્યૂઝ@મુંબઈ

હંસિકા મોટવાણીએ તેના પતિ સોહેલ કથુરિયા સાથે છૂટાછેડા લીધા છે. અભિનેત્રીના લગ્ન ફક્ત ચાર વર્ષ ટક્યા. આ સોહેલના બીજા લગ્ન હતા અને હંસિકાના પહેલા લગ્ન હતા. છૂટાછેડા પછી અભિનેત્રી જીવનમાં આગળ વધી છે. તે કહે છે કે તે આ મુદ્દા પર ક્યારેય બોલશે નહીં. લોકો જાણતા નથી કે બે લોકો વચ્ચે બંધ દરવાજા પાછળ શું થાય છે.હંસિકાએ ઈન્સ્ટાગ્રામ પર નવા ફોટા પોસ્ટ કર્યા છે. આમાં, તે મોરેશિયસના એક વિચિત્ર સ્થાન પર તેના મિત્ર સાથે વેકેશન માણી રહી છે. ફોટામાં, હંસિકા બીચ પર ગુલાબી બિકીનીમાં કિલર પોઝ આપે છે. સૂર્યાસ્ત સમયે લેવામાં આવેલા આ સ્પષ્ટ ફોટા ચાહકોને ખૂબ ગમ્યા છે.એક ફોટામાં, હંસિકા બીચ પર આરામ કરતી, બીચ પર બેઠી અને વિજયનો પોઝ આપતી જોવા મળે છે.

### લકઝરી હોટલ્સ માટે નવી છૂટ: પરમિટ સિસ્ટમ થશે સરળ

# ગુજરાતમાં ફાઈવ સ્ટાર હોટલોમાં દારૂ પરમિટને સીધી મંજૂરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સરકારે રાજ્યની ફોર અને ફાઈવ સ્ટાર હોટલોમાં દારૂની પરમિટની દુકાનોને સીધી મંજૂરી આપવાનો સૈદ્ધાંતિક નિર્ણય લીધો હોવાનું ટોચના સૂત્રોએ જણાવ્યું હતું. અમદાવાદ આગામી વર્ષોમાં આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવા માટે તૈયારી કરી રહ્યું છે, હોટલોને દારૂની પરમિટની દુકાનો ચલાવવા માટે પરવાનગી આપવામાં પ્રક્રિયાગત વિલંબને ટાળવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર નજીકના ભવિષ્યમાં થ્રી સ્ટાર હોટલોમાં પણ દારૂની દુકાનોને પરવાનગી આપવાની નીતિ હળવી બનાવી શકે છે. આ વિકાસ સાથે, રાજ્યમાં દારૂની દુકાનોનું નેટવર્ક ઝડપથી વિસ્તરવા માટે તૈયાર છે. ગયા વર્ષના ચિંતન શિબિરમાં રાજ્યમાં પ્રવાસનને વેગ આપવાના સંભવિત માર્ગોની ચર્ચા કરતી વખતે, ઘણા અધિકારીઓએ પ્રસ્તાવ મૂક્યો હતો કે સરકારે પ્રીમિયમ હોટલોમાં દારૂની દુકાનો સંબંધિત ધોરણો હળવા કરવા જોઈએ.એક અધિકારીએ જણાવ્યું હતું. હૉટેલ એસોસિએશન લાંબા સમયથી માંગ કરી રહ્યું છે કે સરકાર હોટલોમાં પરમિટની દુકાનો માટે પરવાનગી આપવા માટે વધુ ઉદાર અભિગમ અપનાવે. સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં, હોટલો કાર્યરત થયા પછી પરમિટની દુકાનો શરૂ કરવા માટે મંજૂરી મેળવવામાં ઘણા અઠવાડિયા કે તેથી વધુ સમય લાગે છે.આવી સ્થિતિમાં, ઘણી હોટલો ગ્રાહકોને આકર્ષિત કરતી નથી. સરકારે કેસ-ટુ-કેસ ધોરણે થ્રી સ્ટાર કેટેગરી કે તેથી નીચેની હોટલોને પણ પરમિટ આપવાનો નિર્ણય લીધો છે. કચ્છ અને એવા સ્થળોએ જ્યાં ટેન્ટ સિટીઓ અસ્તિત્વમાં છે ત્યાં પ્રતિબંધના ધોરણોને હળવા કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે, કારણ કે આ સ્થળો ખાસ ઋતુઓમાં મુલાકાતીઓને આકર્ષે છે. એક સૂત્રએ જણાવ્યું. ફેબ્રુઆરીમાં, સરકારે વિધાનસભાને જાણ કરી હતી કે અમદાવાદમાં નવી દારૂ પરમિટ માટે અરજીઓની સંખ્યામાં એક વર્ષમાં ૨૨૭ ટકાનો વધારો થયો છે.



### શાળાઓમાં 35 દિવસનું સમર વેકેશન જાહેર

# સ્કૂલો બંધ; મજા શરૂ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન અંગે મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં તા. ૦૪/૦૫/૨૦૨૬ થી તા. ૦૭/૦૬/૨૦૨૬ સુધી કુલ ૩૫ દિવસ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

પરિપત્ર મુજબ, તા. ૦૮/૦૬/ ૨૦૨૬થી શાળાઓ ફરી શરૂ થશે. આ નિર્ણય રાજ્યના તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં સમાનતા જળવાઈ રહે તે હેતુથી લેવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓને વેકેશનના આ સમયપત્રકનો કડક અમલ કરાવવા સૂચના આપવામાં આવી છે.

સરકારે વધુમાં જણાવ્યું છે કે પ્રાથમિક અને માધ્યમિક બંને પ્રકારની શાળાઓ માટે વેકેશનની તારીખો એકસરખી રાખવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આયોજનમાં સરળતા રહે. સાથે જ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં પણ આ નિયમ લાગુ પડશે.પરિપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે D.El.Ed. પ્રવેશ પ્રક્રિયા અને અન્ય શૈક્ષણિક કામગીરીને ધ્યાનમાં રાખીને જરૂરી હોય તો સંબંધિત સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે અલગથી નિર્ણય લઈ શકશે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઉનાળાની ગરમી દરમિયાન રાહત મળશે અને તેઓને આરામ તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળશે.

## સ્ટડી OFF; ફન ON 4મેથી 7 જૂન સુધી વેકેશન રહેશે 8 જૂનથી નવા સત્રની શરૂઆત




# પૂ.પ્રિતી સુધાજી મહાસતીજી કાળધર્મ પામ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી સ્થાનકવાસી જૈન શ્રમણ સંઘના સંસ્કાર ભારતી વાણીભૂષણ પૂ. પ્રીતિસુધાજી મહાસતીજી ૮૩ વર્ષની ઉંમરે ૬૪ વર્ષના દીક્ષા પર્યાય સહિત તા.૧-૫-૨૬ના રાત્રે ૧-૧૨ કલાકે પૂનામાં સંથારા સહિત સમાધિભાવે કાળધર્મ પામતા જૈન સમાજમાં શોક છવાયો છે.નાસિકમાં માતા શાંતાબેન અને પિતા ભીકમચંદજી સોનીના ગૃહાંગણે તા.૧-૮-૧૯૪૩ના જન્મેલા પૂ.પ્રીતિસુધાજી મહાસતીજીએ પોતાના રત્નકુક્ષિણી માતા પૂ.સુશીલકંવરજી મ.સ.સાથે પીપલગાંવમાં તા.૭-૩-૧૯૬૨ના આચાર્ય પૂ.આનંદઋષિજી મ.સા.ના હસ્તે પૂ. ઉજજવલકુંવરજી મ.સ.ની સમીપે જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરેલ. સંસ્કાર ભારતી પૂ.મહાસતીજીની પાલખી યાત્રા, શુક્રવારે બપોરે ૪ કલાકે લોણીકંદ, ક્ષેત્રપાલ પ્રતિષ્ઠાન ખાતેથી લાખો લોકોને વ્યસન, માંસાહાર ત્યાગ કરાવનાર મહાસતીજીને પૂ.શ્રી ધીરગુરૂદેવે ગુણાંજલી અર્પણ કરેલ.



# પડધરી ભાજપ પ્રમુખના ભાઈને જાનથી મારી નાખવા ધમકી-લૂંટ

## પડધરી પોલીસ સ્ટેશનથી 500મી દુર ડોડીયા ચેમ્બરનો બનાવઃ વકીલને પકડી રાખીને રોકડની લુંટ ચલાવનાર તા.પં.ના કોંગ્રેસ ઉમેદવારના પુત્ર સહિતના બે શખ્સોની ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પુરી થતાં હારેલા ઉમેદવાર હવે જીતેલા ઉમેદવારો સામે ગુસ્સો ઉતારવાનો શરુ કર્યું છે.ત્યારે પડધરી ભાજપ પ્રમુખના ભાઈને ખૂનની ધમકી આપી રૂ.૧૨ હજારની લૂંટ નાસી છૂટેલા પડધરી તાલુકા પંચાયતના કોંગ્રેસ ઉમેદવારના પુત્ર સહિતના બે શખ્સોને પોલીસે પકડી કાર્યવાહી કરી હતી.બનાવ અંગે પડધરીના ધર્મશાળા ચોક પાસે લોહાણા શેરીમાં રહેતા વિપુલભાઈ પ્રફુલચંદ્ર કોટક (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભાવેશ રમણીક ચૌહાણ અને અકબર ઉર્ફે અકુડો વલુ હાલા (રહે બંને. પડધરી) નું નામ આપતાં પડધરી પોલીસે લૂંટ ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પોતે વ્યવસાયે એડવોકેટ છે અને તેમની ઓફિસ પડધરીના પનામ હોસ્પિટલ સામે ડોડીયા ચેમ્બરમાં આવેલ છે. તેમના ભાઈ દિવ્યેશભાઈ કોટક પડધરી તાલુકા ભાજપ પ્રમુખ છે.ગઈ તા.૨૯-૦૪ ના બપોરના સમયે તેઓ પોતાની ઓફિસ પર હતાં ત્યારે આરોપી ભાવેશ ચૌહાણ અને અકબર ઉર્ફે અકુડો ધસી આવી તારો ભાઈ દિવ્યેશ ક્યાં છે પૂછી કહેવા લાગેલ કે, તારા ભાઈ દિવ્યેશ અને ચેતનસિંહ જાડેજાએ ગત ચૂંટણીમાં અમારા વિરુદ્ધમાં મત નખાવી અને અમને હરાવેલ છે, તેમ કહી એડવોકેટને બેફામ ગાળો આપી કહેલ કે તમે બંને ભાઈઓ રાત્રે ભેગા થાવ ત્યારે બંનેને ઘા ઝીંકી પુરા પુરા કરી નાખવા છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.તેમજ આરોપી ભાવેશ ચૌહાણે એડવોકેટને પાછળથી પકડી રાખી આરોપી અકબર ઉર્ફે અકુડાએ તેઓની ઓફિસના ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા ૧૨,૭૫૦ ની લૂંટ કરી ફરિયાદીને ધક્કો મારી ઓફિસની બહાર કાઢી બંને શખ્સો નાસી છૂટ્યા હતાં.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓના ભાઈ દિવ્યેશભાઈ પડધરી શહેર ભાજપ પ્રમુખ છે અને ચેતનસિંહ જાડેજા તેઓના મિત્ર તેમજ ભાજપ આગેવાન છે. ત્યારે આરોપી ભાવેશ ચૌહાણના માતા ભાનુબેન પડધરી તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવાર હતા અને તેઓ આ ચૂંટણીમાં હારી જતા તેમના ભાઈ દિવ્યેશભાઈએ આરોપીની માતા વિરુધ આ મત નંખાવ્યાનો ખાર રાખી બંને શખ્સોએ ખૂનની ધમકી આપી લૂંટ ચલાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પડધરી પોલીસે ગુનો નોંધી પીએસઆઇ જે.જે.વાળા અને ટીમે તપાસ આદરી બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

# કિટીપરાના ચકચારી ખૂન કેસમાં આરોપીને આજીવન કેદ

## 14 સાહેદો, ડોક્ટરની જુબાની,છરી પરથી મળેલું લોહી,આરોપીના મળેલા મોબાઈલના સહિતના 35 દસ્તાવેજી પુરાવા ગ્રાહ્ય રાખતી કોર્ટ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના કિટીપરા વિસ્તારમાં જૂન ૨૦૨૨માં સર્જાયેલા આસીફ જુણેજાના ચકચારી ખૂન કેસમાં રાજકોટની સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. એડિશનલ સેશન્સ જજ વી.કે. ભટ્ટે આરોપી વિકી અશોકભાઈ ચોવસીયા ઉર્ફે વિકી બજરીયાને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સખત સજા અને દંડનો હુકમ ફરમાવ્યો છે.બનાવની વિગત મુજબ, ૨૦ જૂન ૨૦૨૨ની વહેલી સવારે આશરે ૩:૩૦ વાગ્યે ફરિયાદી જાકીર ઉર્ફે ટપુ જુણેજા તેના મિત્ર સુનીલ દેવીપૂજકની દુકાને ચા પીતા હતા. આ સમયે આરોપી વિકી બજરીયા ત્યાં ધસી આવ્યો હતો અને ગાળો આપી ફરિયાદીના એક્સેસ મોટરસાઈકલમાં લાતો મારવા લાગ્યો હતો. ફરિયાદીએ તેને રોકવાનો પ્રયાસ કરતા મામલો બિચક્યો હતો.પોતાના ભાઈ સમાન આસીફ જુણેજાને ફરિયાદીએ સમજાવવા માટે બોલાવ્યો હતો. આસીફ ત્યાં પહોંચતા અને વિકીને સમજાવવા જતાં, ઉશ્કેરાયેલા વિકી બજરીયાએ પેન્ટના નેફામાંથી છરી કાઢી આસીફની છાતીના ડાબા ભાગે હુલાવી દીધી હતી. હોસ્પિટલ પહોંચતા પહેલા જ આસીફનું કરુણ મોત નીપજ્યું હતું.પ્રદ્યુમનનગર પોલીસે આ કેસમાં ગણતરીના દિવસોમાં આરોપીની ધરપકડ કરી ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ પરાગ એન. શાહ દ્વારા ૧૪ સાહેદોની જુબાની લેવામાં આવી હતી. કોર્ટ સમક્ષ ૩૫ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કરાયા હતા.



# મેટોડામાં હિટ સ્ટ્રોકથી શ્રમિકનું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

છેલ્લા એક અઠવાડિયાથી ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આ અંગે હવામાન વિભાગે પણ ગાઈડલાઈન જાહેર કરી છે ત્યારે રાજકોટ પંથકમાં હીટ સ્ટ્રોકથી પ્રથમ મોત નોંધાયું છે. મેટોડામાં કારખાનેથી ઘરે જતો શ્રમિક યુવાન રસ્તા વચ્ચે જ ઢળી પડ્યો હતો.મળતી માહિતી અનુસાર, શૈલેષભાઈ આબાભાઈ બારીયા (ઉંમર વર્ષ ૪૦, રહે.મેટોડા, ગેટ નં. ૩, તા. લોધીકા, જિ. રાજકોટ) ગઈકાલે બપોરે સાડા ત્રણ વાગ્યા આસપાસ આગ ઝરતી ગરમી વચ્ચે કારખાનેથી બાઈક પર પોતાના ઘરે જતો હતો. ત્યારે અચાનક તેને ચક્કર આવવા લાગતા તેણે બાઈક ઉભું રાખી દીધું હતું. જમીન પર બેસી ગયો હતો અને ત્યાં જ બેભાન થઈ ગયો હતો.કોઈ રાહદારીનું ધ્યાન પડતા ૧૦૮ ને ફોન કર્યો હતો ૧૦૮ મારફત શૈલેષને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

### સિદ્ધી બદલ એવોર્ડ પ્રદાનઃ 55 દિવસમાં 10622નો લક્ષ્યાંક પૂર્ણ કર્યો

# રાજકોટનો રેકોર્ડઃ 55 દિવસમાં 100% HPV વેક્સિનેશન!




**સિટી ન્યૂઝ@રાજકોટ**

HPV (સર્વાઈકલ કેન્સર માટે) રસીનું અભિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૬નાં રોજ ભારતમાં શરુ કરવામાં આવેલ હતું. આ રસીકરણમાં જે દિકરીઓના ૧૪ વર્ષ પૂર્ણ થયા હોય અને ૧૫ વર્ષ પૂર્ણ ન થયા હોય તે વર્ષ સમુહને HPV રસી આપવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકા રાજકોટને HPV રસીકરણ માટે ૧૦,૬૨૨ નો લક્ષ્યાંક આપવામાં આવેલ હતો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ લક્ષ્યાંક તા.૨૪.૦૪.૨૦૨૬ ના રોજ ૧૦૦% પૂર્ણ કરી રાજ્યમાં પ્રથમ સ્થાન હાસલ કરેલ છે. જે બાબતે રાજ્ય સરકાર દ્વારા આ સિદ્ધી બદલ "એવોર્ડ" પ્રદાન કરેલ છે.

આ કામગીરીની સિદ્ધિ બદલ રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ શહેરની જાગૃત જનતા, શાળા સંચાલકો અને ખાસ કરીને ૧૪-૧૫ વર્ષની દિકરીઓનો આભાર માને છે. આ ઉપરાંત રાજકોટ ખાતે FOGSI નાં તમામ સદસ્યઓની મોટીવેશન બાબતે મદદ મળેલ છે તો તેઓનો આભાર વ્યક્ત કરીએ છીએ. આ કામગીરી ખંતથી કરવા બદલ આશા બહેનો, ફીમેલ હેલ્થ વર્કર બહેનો, આર.બી.એસ.કે. ટીમના સદસ્યો, મેડીકલ ઓફિસરઓ, નાયબ આરોગ્ય અધિકારીઓ, આર.સી.એચ.અધિકારી, આરોગ્ય અધિકારીને નાયબ કમિશ્નર સી.કે.નંદાણી અને કમિશનર તુષાર સુમેરા દ્વારા અભિનંદન પાઠવી બીરદાવેલ છે.

## રાજ્યના 66માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

### 1 મે 1960 ના રોજ અસ્તિત્વમાં આવેલું રંગીલું ગુજરાત આજે વૈશ્વિક નકશા પર ચમકી રહ્યું છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે ૧ મે, ૨૦૨૬ ના રોજ સમગ્ર ગુજરાત અને દુનિયાભરમાં વસતા ગુજરાતીઓ રાજ્યનો ૬૬મો સ્થાપના દિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવી રહ્યા છે. ૧ મે, ૧૯૬૦ ના રોજ બોમ્બે રાજ્યમાંથી અલગ થઈને ભાષાના આધારે અસ્તિત્વમાં આવેલું ગુજરાત આજે ભારતના સૌથી વિકસિત અને સમૃદ્ધ રાજ્યોની યાદીમાં મોખરે છે. મહાગુજરાત આંદોલન અને ઈન્દુલાલ યાજ્ઞિકના નેતૃત્વમાં જે સપનું જોવાયું હતું, તે આજે સાકાર થઈ રહ્યું છે.

સમૃદ્ધ સંસ્કૃતિ અને સંતોની ભૂમિઃ ગુજરાત માત્ર વેપારનું જ કેન્દ્ર નથી, પણ તે સંતો અને મહંતોની પવિત્ર ભૂમિ છે. નરસિંહ મહેતાના 'વૈષ્ણવ જન' થી લઈને વીરપુરના જલારામ બાપાની અન્નસેવા સુધી, અને સ્વામિનારાયણ સંસ્થાના સદાચારથી લઈને સુદામા-કૃષ્ણની મિત્રતા સુધી--- ગુજરાતે વિશ્વને માનવતા અને નૈતિકતાનો પાઠ ભણાવ્યો છે.



મેઘાણીની કસુંબલ લોકવાર્તાઓ અને નર્મદના રાષ્ટ્રપ્રેમથી ગુજરાતીઓનું લોહી આજે પણ ઉકળી ઉઠે છે.

કૃષિ અને ઉદ્યોગમાં અપ્રતિમ સફળતાઃ કૃષિ ક્ષેત્રે ગુજરાતે હરણફાળ ભરી છે. નર્મદા કેનાલ અને સરદાર સરોવર યોજનાએ ખેડૂતોના ખેતર સુધી નીર પહોંચાડીને હરિયાળી ક્રાંતિ લાવી છે. અમૂલના માધ્યમથી થયેલી શ્વેત ક્રાંતિએ પશુપાલકોને આત્મનિર્ભર બનાવ્યા છે. બીજી તરફ, હીરા ઉદ્યોગ, ફાર્માસ્યુટિકલ્સ અને ટેક્સટાઈલમાં ગુજરાતે ભારતનું નામ વિશ્વભરમાં રોશન કર્યું છે.







## જયોત ફાઉન્ડેશન દ્વારા રાશનકીટનું વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિ કરતા જયોત ફાઉન્ડેશન અગ્રેસર છે.ત્યારે એક દિવસ પૂર્વે અટીકા વિસ્તારમાં આહીર ચોક પાસે ઝૂપડપટી વિસ્તારમાં ટ્રસ્ટી રુશીભાઈ મહેતા દ્વારા જરૂરીયાતમંદ પરિવારોને રાશન કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. ૭૦૦ કિમતની રાશનકીટ મળતા પરિવારોના ચહેરા પર ખુશી છવાઈ હતી

# ભગુડાના આંગણે આઈ મોંગલના 30મા પાટોત્સવની ભવ્ય ઉજવણી

- **મોરારી બાપુની ઉપસ્થિતિમાં 'માંગલ શક્તિ એવોર્ડ' અર્પણ; લોક ડાયરામાં સુર-સંગીતની જામી રમઝટ**
- **ડાયરામાં ડોલર અને ચાંદીની નોટોનો વરસાદ; કિર્તીદાન અને રાજભા ગઢવીએ જમાવી જમાવટ**







**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને લાખો ભક્તોના આસ્થાના કેન્દ્ર એવા ભગુડા મોંગલધામ ખાતે આઈ મોંગલના 30મા પાટોત્સવની અત્યંત ભવ્ય અને દિવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ 'પરમ્ ઉત્સવ'ને લઈને સમગ્ર ભગુડા ગામ ભક્તિમય બની ગયું હતું અને હજારોની સંખ્યામાં માનવ મહેરામણ માતાજીના દર્શનાર્થે ઉમટી પડ્યું હતું.

પાટોત્સવ નિમિત્તે વહેલી સવારથી જ મંદિર પરિસરમાં શાસ્ત્રોક્ત વિધિ સાથે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તીર્થધામ ભગુડાને સુંદર ફૂલો અને આકર્ષક લાઈટ ડેકોરેશનથી શણગારવામાં આવ્યું હતું. ભક્તોએ લાંબી કતારોમાં ઉભા રહીને માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

રાત્રિના સમયે આયોજિત વિશેષ કાર્યક્રમમાં વિશ્વવિખ્યાત રામકથાકાર પૂજ્ય મોરારી બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના વરદહસ્તે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને 'માંગલ શક્તિ એવોર્ડ' આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોંગલધામ ટ્રસ્ટના પ્રમુખ માયાભાઈ આહીર, જયરાજભાઈ આહીર, મહેશદાન ગઢવી (બોટાદ), પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પાટોત્સવની રાત્રે યોજાયેલા ભવ્ય લોક ડાયરામાં ગુજરાતના ખ્યાતનામ કલાકારોએ રમઝટ બોલાવી હતી. કિર્તીદાન ગઢવી, રાજભા ગઢવી, જીગ્નેશ બારોટ, સાઈરામ દવે અને ગોપાલ સાધુ જેવા કલાકારોના સૂરો પર ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. આ દરમિયાન કલાકારો પર ડોલર,



ભારતીય ચલણી નોટો અને ચાંદીની નોટોનો અભૂતપૂર્વ વરસાદ થયો હતો. જ્યારે મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ કરી હજારો લોકોએ એકસાથે માતાજીની આરતી કરી ત્યારે અનોખો અને દિવ્ય નજારો જોવા મળ્યો હતો.

# સ્વ. મધુબેન શુક્લના અવસાન બાદ ચક્ષુદાન કરી બે વ્યક્તિઓને આપી રોશની

## પ્રખર રાષ્ટ્રવાદી સ્વ. ચીમનભાઈ શુક્લના ધર્મપત્નીએ જતી વેળાએ અંધકારમય જિંદગીમાં ઉજાસ પાથર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ



ગુજરાતના જૂની પેઢીના પીઢ રાજકીય આગેવાન અને પ્રખર રાષ્ટ્રવાદી સ્વ. ચીમનભાઈ શુક્લના ધર્મપત્ની સ્વ. મધુબેન શુક્લનું અવસાન થતા, શુક્લ પરિવારે અત્યંત શોકજનક સ્થિતિમાં પણ માનવતાનો ઉમદા ધર્મ બજાવ્યો છે. પરિવારે સ્વ. મધુબેનના ચક્ષુઓનું દાન કરી બે દ્રષ્ટિહીન વ્યક્તિઓના અંધકારમય જીવનમાં રોશની ફેલાવવાનો પ્રેરણાદાયી નિર્ણય લીધો છે.

પરિવારનો સંવેદનશીલ અભિગમઃ સ્વ. મધુબેન શુક્લના અવસાન બાદ તેમના સુપુત્રો અને ભાજપ અગ્રણીઓ શ્રી કૌશિકભાઈ શુક્લ, શ્રી કશ્યપભાઈ શુક્લ, કોર્પોરેટર નેહલભાઈ શુક્લ અને સુપુત્રી કાશ્મીરાબેન નથવાણીની સહમતીથી ચક્ષુદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરિવારના મતે, માતાની વિદાયના દુખ વચ્ચે પણ જો કોઈને નવી દ્રષ્ટિ મળી શકે, તો તે જ માતાને સાચી શ્રદ્ધાંજલિ છે.

વિવેકાનંદ યુથ ક્લબની સિદ્ધિઃ વિવેકાનંદ યુથ ક્લબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી, ચક્ષુદાન અભિયાન સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આ ચક્ષુદાન સંપન્ન થયું હતું. આ ઉમદા કાર્યમાં ડો. હેમલ કણસાગરાએ વિશેષ સહકાર આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા કરવામાં આવેલું આ ૨૦૩મું ચક્ષુદાન છે. સંસ્થાએ શુક્લ પરિવારની આ ઉદારતા અને સામાજિક જવાબદારી બદલ તેમનો આભાર માન્યો છે.





# કામદાર યુનિયનની લડતથી પિડીત પરિવારને ન્યાય મળ્યો

## વ્યાજખોરીના ભોગ બનેલા પરિવારને 16 લાખ વ્યાજ માફ કરાવ્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં ગરીબ અને શ્રમિક વર્ગ પર થતા શોષણ સામે ફરી એકવાર રાજકોટ કામદાર યુનિયને મજબૂત અને સંવૈધાનિક લડત લડી એક પીડિત પરિવારને ઐતિહાસિક ન્યાય અપાવ્યો છે.

વ્યાજખોરી અને ગેરકાયદેસર દબાણના ભોગ બનેલા પરિવારના પતિ હરગોવિંદભાઈ મનસુખભાઈ વાઘેલા ની સરકારી પેન્શન બુક વ્યાજખોર દ્વારા ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં રાખવામાં આવી હતી. આ ઉપરાંત વર્ષો સુધી દબાણ, ધમકી અને ગેરરીતિથી અંદાજે અધધ રૂ. ૧૬ લાખ જેટલી રકમ વ્યાજ રૂપે પડાવવામાં આવી હતી.આ ગંભીર અન્યાય સામે રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયા અને તેમની ટીમે આગેવાની લઈ સંવૈધાનિક રીતે જંગ લડી અને પીડિત પરિવારને માત્ર પેન્શન બુક પરત અપાવી જ નહીં, પણ અધધ ૧૬ લાખ રૂપિયા જેટલું ગેરકાયદેસર વ્યાજ પણ માફ કરાવી ઐતિહાસિક ન્યાય અપાવ્યો.

ન્યાય મળતા જ સમગ્ર પરિવાર ભાવુક બની ગયો હતો. પરિવારના સભ્યોની આંખોમાંથી ખુશીના આંસુ વહી રહ્યા હતા - આ માત્ર નાણાંનો મુદ્દો નહોતો, પણ તેમની ઈજ્જત, અધિકાર અને આત્મસન્માન પાછું મળવાનું ક્ષણ હતું.

રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ શ્રી પારસ બેડીયા, આગેવાનો ચંદ્રેશ સાનિયાલ ગીતાબેન ચૌહાણલ રાજેશભાઈ વાઘેલા, ચેતનાબેન ચુડાસમા તથા તેમની સમગ્ર ટીમ દ્વારા પરિવારને ફૂલહાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યો છે.

આ અવસરે રાજકોટ કામદાર યુનિયન દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો કે"અમારા માટે ગરીબ, શોષિત અને વંચિત લોકો સર્વોપરી છે. તેમને ન્યાય અપાવવો એ અમારી પ્રથમ અને મુખ્ય જવાબદારી છે." આ સમગ્ર પ્રક્રિયામાં સહકાર અને સંવેદનશીલતા દાખવવા બદલ રાજકોટ શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનનો પણ રાજકોટ કામદાર યુનિયન દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# લેન્ડ ગ્રેબિંગની જે ફરિયાદ કલેકટરે રીજેક્ટ કરી તેમાં ગુના નોંધવા કોર્ટનો હુકમ

## રાજકોટનો પ્રથમ બનાવ : પ્લોટ પર કબજો કરી પિતા–પુત્રે 22 લાખની ખંડણી માંગી’તી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટનો પ્રથમ બનાવ છે કે, લેન્ડ ગ્રેબિંગની જે ફરિયાદ કલેકટરે કાઢી નાખી હતી તેમાં કોર્ટએ ગુનો નોંધવા હુકમ કર્યો હતો. ફરિયાદી પ્રશાંતભાઈ સુરેશભાઈ જાદવ, જેઓ ઈમિટેશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમણે લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નં. ૧ માં ૨૨૯-૧૬ ચો.મી.નો પ્લોટ દસ્તાવેજ સાથે ખરીદ્યો હતો. જ્યારે તેઓ પ્લોટ પર બાંધકામ કરવા ગયા, ત્યારે આરોપી ભૂપત ખાચર અને તેનો પુત્ર રવિ ખાચર ત્યાં ધસી આવ્યા હતા.

તેમણે ફરિયાદીને જાનથી મારી નાખવાની અને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી પ્લોટ ખાલી કરવાના બદલામાં રૂ. ૨૨,૦૦,૦૦૦/- ની ખંડણી માંગી હતી. કલેક્ટર કચેરીમાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ કરી હતી. જોકે, નિવાસી અધિક કલેક્ટર સમક્ષ જ્યારે આ મામલો ગયો, ત્યારે આરોપીઓએ રજૂ કરેલા ખોટા હકીકતલક્ષી દાવાઓને ધ્યાને લઈ સમિતિએ અરજીને ડ્રોપ કરવાનો નિર્ણય લીધો હતો.

કલેક્ટર કચેરીમાંથી ન્યાય ન મળતા ફરિયાદીએ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. વધુમાં, આરોપીઓએ પીજીવીસીએલમાંથી ગેરકાયદેસર વીજ કનેક્શન મેળવવા માટે ખોટું પ્રમાણપત્ર રજૂ કર્યું હોવાનું પણ કોર્ટના ધ્યાને લાવવામાં આવ્યું હતું. સેકન્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજે ડોક્યુમેન્ટરી એવિડન્સ અને પુરાવાઓને ગ્રાહ્ય રાખ્યા હતા. કોર્ટે અવલોકન કર્યું કે પ્રથમ દ્રષ્ટિએ ગુનો બને છે. આથી, ગુજરાત જમીન પચાવી પાડવા પરબંધી અધિનિયમ-૨૦૨૦ મુજબ ગુનો રજીસ્ટર કરવા અને આરોપીઓની ધરપકડ કરવા મદદનીશ પોલીસ કમિશનર (પૂર્વ વિભાગ) ને હુકમ કર્યો હતો.